# પંચાયતી રાજ સંસ્થા (PRI)

## તાલીમ મોડ્યુલ




પ્રકાશક

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

**ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ**

**સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર**

**નવેમ્બર-ડિસેમ્બર : ૨૦૧૧**

# સર્વ શિક્ષા અભિયાન, ગુજરાત

## પંચાયતી રાજ સંસ્થા (PRI)ના સભ્ય તરીકે મારી ઓળખ....

**PRIના સભ્યનું નામ :** ______________________________

**PRIમાં હોદ્દોઃ** ______________________________

**PRIનું નામ :** ______________________________

ઘરનું સરનામુંઃ ______________________________

ગામઃ ______________________________

તાલુકોઃ ______________________________

જિલ્લોઃ ______________________________

મારા રસના વિષયોઃ ______________________________

______________________________

______________________________

મારા વિસ્તાર / ગામના વિકાસ માટે મારો સંકલ્પઃ ______________________________

______________________________

______________________________

______________________________

______________________________

* **PRIનું નામ :** ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા, જિલ્લા પંચાયત, મહાનગરપાલિકા

# પ્રસ્તાવના

પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે આવી રહેલા વ્યાપક ફેરફારો અને મહત્ત્વના સુધારાઓના અમલીકરણમાં યોગદાન આપવા માટેની આપની તત્પરતા બદલ આપ સૌને હાર્દિક આભાર...

આપણા રાજ્ય સહિત સમગ્ર દેશમાં શિક્ષણનો અધિકાર કાયદાના અમલીકરણથી પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે એવા પરિવર્તનો આવી રહ્યા છે જે પ્રાથમિક શિક્ષણની કાયાપલટ કરવામાં ઉપકારક બનવાના છે. આ સદી પછીના વર્ષોમાં પ્રાથમિક શિક્ષણના સાર્વત્રીકરણ માટે સરકાર પક્ષે ઘણા પ્રયાસો થાય છે. પ્રાથમિક શિક્ષણની વિવિધ યોજનાઓના અમલમાં સરકાર અને સમુદાયની ભાગીદારીના ફળદાયી પરિણામ પણ મળ્યા છે. RTE એટલે "શિક્ષણનો અધિકાર" કાયદામાં દરેક ૬ થી ૧૪ વર્ષના બાળકને તેની વય કક્ષા મુજબ શિક્ષણ મેળવવાનો અધિકાર છે. SMC ના સભ્યોને તેમની ફરજો અને કર્તવ્યો, RTE ની જોગવાઈઓ અંગે તાલીમ આપવામાં આવે છે.

RTE -૨૦૦૯ ના કાયદાના અમલીકરણ માટેના SMC સભ્યો, શાળા, શિક્ષકો, આચાર્ય, સર્વ શિક્ષા અભિયાનના પ્રોજેક્ટ સ્ટાફને પંચાયતી રાજ ઈન્સ્ટિટ્યુટ (PRI) ના સભ્યો દ્વારા મોનીટરીંગ કરવું અને માર્ગદર્શન મળવું ખૂબ જ જરૂરી છે. પંચાયતી રાજના સભ્યોના માર્ગદર્શનથી પ્રોજેક્ટના લક્ષ્યાંકો નક્કી કરેલ સમયમાં પૂર્ણ કરવામાં મદદરૂપ થશે.

પંચાયતી રાજના સભ્યો પોતાના કાર્યક્ષેત્રમાં આવતા વિસ્તારના ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકોને પ્રાથમિક શાળામાં પ્રવેશ અપાવે અને ધો.૧ થી ૮ નું પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરાવવામાં મદદરૂપ થવું. ગ્રામજનોને આપના અનુભવો, નેતૃત્વનો લાભ મળી રહે તે માટે આપ સૌ તરફથી અપેક્ષા રાખું છું.

પંચાયતી રાજના તમામ સભ્યશ્રીઓને RTE-૨૦૦૯ અને સર્વ શિક્ષા અભિયાન યોજનાની આ મોડ્યુલ દ્વારા જાણકારી આપવા પ્રોજેક્ટ પ્રયાસ કરે છે.

મનોજ અગ્રવાલ (IAS)
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, SSA
અને કમિશ્નર, MDM
ગાંધીનગર

નવેમ્બર-ડિસેમ્બર : ૨૦૧૧

આવો, આપણા ગામ/ વિસ્તારની શાળાને
એવી બનાવીએ કે જ્યાં,
તમામ બાળકોને-
આવવું ગમે... રોકાવું ગમે... ભણવું ગમે...

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| પ્રસ્તાવના | | |
| અનુક્રમણિકા | | |
| ૧. | આર ટી ઈ ૨૦૦૯ | ૧ |
| ૨. | પ્રવેશ (નામાંકન) હાજરી, સ્થાયીકરણ | ૫ |
| ૩. | કન્યા શિક્ષણ - KGBV, NPEGEL | ૭ |
| ૪. | શાળા પર્યાવરણ | ૧૦ |
| ૫. | ગુણવત્તાલક્ષી શિક્ષણ | ૧૨ |
| | પ્રજ્ઞા અભિગમ | |
| | એડેપ્ટ્સ | |
| ૬. | વિકલાંગ બાળકો માટે સંકલિત શિક્ષણ | ૧૬ |
| ૭. | શાળા બાંધકામ અને રિપેરીંગ | ૧૮ |
| ૮. | વૈકલ્પિક શિક્ષણ - સ્પેશિઅલ ટ્રેનિંગ પ્રોગ્રામ | ૨૦ |
| ૯. | મધ્યાહ્‌ન ભોજન યોજના | ૨૩ |
| ૧૦. | વંચિત જૂથનાં બાળકોનું શિક્ષણ | ૨૫ |
| | પરિશિષ્ટ | |
| | ૧. શબ્દોની જાણકારી | |
| | ૨. રાજ્ય - જિલ્લા એસએસએ કચેરીનું માળખું | |
| | ૩. પરિપત્રોનું સંકલન | |

# સર્વ શિક્ષા અભિયાન

સર્વ શિક્ષા અભિયાન સમગ્ર ભારત દેશમાં પ્રાથમિક શિક્ષણના સાવર્ત્રિકરણ માટેનો કાર્યક્રમ છે. ૬ થી ૧૪ વર્ષનાં તમામ બાળકોને ગુણવત્તાલક્ષી પ્રાથમિક શિક્ષણ પૂરું પાડવાના મુખ્ય આશય સાથે શરૂ થયેલા આ કાર્યક્રમમાં કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારનું નાણાંકીય યોગદાન મળે છે. ગુજરાત રાજ્યમાં આ યોજનાનો અમલ ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ દ્વારા કરવામાં આવે છે. આ યોજનાનાં મહત્વનાં ધ્યેયો નીચે મુજબ છે:

- ૬ થી ૧૪ વર્ષની વયજૂથનાં તમામ બાળકોનું નામાંકન થાય
- શાળા પ્રવેશ પામેલાં તમામ બાળકો આઠ ધોરણ સુધીનું ગુણવત્તાલક્ષી પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરે
- શાળા બહારનાં બાળકો વૈકલ્પિક શિક્ષણના માધ્યમ દ્વારા સામાન્ય શાળામાં દાખલ થાય
- પ્રાથમિક શિક્ષણમાં લોકભાગીદારી મળે
- શાળાઓમાં પૂરતી ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ થાય

### મુખ્ય પ્રવૃત્તિઓ:

- શાળાઓ, ઓરડાઓ, શૌચાલય, મધ્યાહ્ન ભોજન યોજનાનું રસોડું વગેરેનું બાંધકામ અને શાળા રિપેરિંગ
- શિક્ષક તાલીમ અને સમુદાયનાં સભ્યોની તાલીમ
- કન્યા શિક્ષણને ઉત્તેજન આપવા માટે નિવાસી શાળા -કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (કેજીબીવી)
- શાળા બહારનાં બાળકો માટે વૈકલ્પિક શિક્ષણ વ્યવસ્થા
- શાળા વિકાસ અને જાળવણી માટે શાળાઓને વાર્ષિક શાળા ગ્રાન્ટ
- વર્ગખંડમાં જરૂરી સામગ્રી તૈયાર કરવા માટે શિક્ષક ગ્રાન્ટ

# ૧

# આર ટી ઈ ૨૦૦૯

સ્વતંત્ર ભારતના બંધારણના માર્ગદર્શક સિધ્ધાંતોની કલમ ૪૫ મુજબ આપણે એવા પ્રયાસો કરવાના હતા જેથી ૬ થી ૧૪ વર્ષની વયજૂથનાં તમામ બાળકોને મફત પ્રાથમિક શિક્ષણ મળે. બંધારણ અમલમાં આવ્યું ત્યારથી દસ વર્ષના ગાળામાં આપણે આ કામ કરવાનું હતું. સ્વતંત્રતા પછી તરત જ આ અંગે ઘણું બધું કામ થયું છે. વર્ષ ૧૯૮૬ની નવી શિક્ષણનિતિ અને ત્યારબાદ ડીપીઈપી (જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ) જેવી મહત્ત્વાકાંક્ષી યોજનાઓ વગેરેએ પણ આપણા પ્રયાસોમાં મદદ કરી. ત્યારબાદ વર્ષ ૨૦૦૧ થી સર્વ શિક્ષા અભિયાન અમલમાં આવ્યું. અગાઉની યોજનાઓ કેટલાક મર્યાદિત વિસ્તારો સુધી સીમિત હતી જ્યારે સર્વ શિક્ષા અભિયાનનો અમલ દેશવ્યાપી અને સાર્વત્રિક રીતે થયો. આ યોજનાઓ અને કાર્યક્રમોના અમલ દરમિયાન એવું લાગ્યું કે પ્રાથમિક શિક્ષણને બાળકનો મૂળભૂત અધિકાર ગણવામાં આવે તો રાજ્ય સરકારથી લઈને શાળા અને સમુદાય સ્તરની તમામ સરકારી સંસ્થાઓ ઉપરાંત નાગરિક સમાજની સંસ્થાઓ પણ પ્રાથમિક શિક્ષણના સાર્વત્રીકરણ માટે વધુ સક્રિય બને.



આમ, બાળકના પ્રાથમિક શિક્ષણ માટે સામુહિક પ્રયાસ થાય અને જે તે કક્ષાએ જવાબદારી પણ સુનિશ્ચિત થાય એ માટે ‘બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯’ સંસદ દ્વારા બનાવવામાં આવ્યો છે. આ કાયદાને ટૂંકમાં આર ટી ઈ (રાઈટ ટુ એજ્યુકેશન) ૨૦૦૯ અથવા તો શિક્ષણના અધિકાર તરીકે ઓળખવામાં આવે છે.

શિક્ષણના અધિકાર કાયદા અંતર્ગત પ્રાથમિક શિક્ષણ માટે કેટલીક મહત્ત્વની જોગવાઈઓ કરવામાં આવી છે. આ જોગવાઈઓને આધારે રાજ્ય સરકારે કેટલાક અગત્યના ઠરાવો કર્યા છે. આ ઠરાવોની ટૂંકી વિગત આ મુજબ છે.

**'શાળામાં દાખલ કરેલ કોઈ પણ બાળકને પ્રારંભિક શિક્ષણ પૂરું થતાં સુધીમાં કોઈપણ ધોરણમાં રોકી શકાશે નહીં અથવા કાઢી મૂકી શકાશે નહીં.'**

પહેલાં એવું થતું કે બાળક કોઈ એક ધોરણમાં એકાદ-બે વિષયમાં ચાર-પાંચ ગુણ ઓછા આવવાથી નાપાસ થાય તો બાળકે બધા જ વિષયો એક આખા વર્ષ માટે ફરીથી ભણવા પડે. આ ઠરાવને લીધે હવે બાળકોએ આ રીતે પોતાનો સમય બગાડવો નહીં પડે.

કોઈપણ કસોટી લેવાનો હેતુ બાળકને પાસ-નાપાસ કરવા માટે નહીં પરંતુ બાળકને શું અને કેટલું આવડે છે તે ચકાસવાનો છે.

**'કોઈપણ બાળકને શારીરિક શિક્ષા અથવા માનસિક કનડગત કે માનસિક ત્રાસ આપી શકાશે નહીં.'**

શિસ્તના પરંપરાગત ખ્યાલોથી દોરવાઈને શાળાઓમાં કેટલીકવાર બાળકને સુધારવા માટે શારીરિક શિક્ષા કરવામાં આવે છે. આવી શિક્ષાથી બાળકનો વિકાસ થતો નથી પરંતુ એનો વિકાસ અટકે છે. એની સ્વતંત્ર વિચારશક્તિ કુંઠિત થાય છે. તેથી કાયદામાં આવી શિક્ષાની મનાઈ ફરમાવવામાં આવી છે.

શાળાઓમાં અને વર્ગખંડોમાં કેટલીકવાર બાળકનું અપમાન થાય એ રીતે એની જ્ઞાતિના નામે કે પછી બાળક ભણવામાં નબળો હોય તો મૂર્ખ, નકામો વગેરે જેવા અપમાનજનક શબ્દોથી એને સંબોધવામાં આવે છે. આને લીધે પણ બાળકની સુષુપ્ત શક્તિઓ કુંઠિત થાય છે અને એનો વિકાસ રુંધાય છે.

**'કોઈપણ શિક્ષક ખાનગી ટ્યુશન અથવા ખાનગી શિક્ષણની પ્રવૃત્તિ કરી શકશે નહીં.'**

**'કોઈપણ શાળા અથવા વ્યક્તિ શાળામાં બાળકને દાખલ કરતી વખતે કોઈપણ પ્રકારની કેપીટેશન ફી વસુલ કરશે નહિ અને શાળામાં પ્રવશ માટે બાળક અથવા તેના માતા-પિતા/વાલીને તપાસ કે ઈન્ટરવ્યુમાંથી પસાર કરશે નહીં.'**

ઉપરોક્ત જોગવાઈનો અર્થ એ છે કે કોઈપણ શાળા વિદ્યાર્થીને પ્રવેશ આપતી વખતે કોઈપણ પ્રકારની કેપીટેશન ફી/સિક્યુરીટી ડિપોઝીટ, કોઈપણ પ્રકારનું દાન, શાળા દ્વારા નિયત કરેલ ફી ઉપરાંતની કોઈપણ પ્રકારની રકમ વાલી કે બાળક પાસેથી લઈ શકે નહીં.

કેટલીક ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવવા માટે બાળકે ઈન્ટરવ્યુ આપવો પડે છે અને ક્યારેક વાલીએ પણ આવી ઈન્ટરવ્યુ પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. હવે, પ્રવેશ વખતે લેવાતા બાળક અથવા વાલીના ઈન્ટરવ્યુ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.

કેટલીક શાળાઓ બાળકના પ્રવેશ માટેનું ફોર્મ આપવાનો પણ ઈન્કાર કરે છે. હવેથી કોઈપણ બાળકને પ્રવેશ માટેનું ફોર્મ ફરજીયાત રીતે આપવાનું છે. અને પ્રવેશ ઈન્ટરવ્યુ પ્રથા ન હોવાથી જેટલાં બાળકોની પ્રવેશ માટેની અરજીઓ આવી હોય તે પૈકી વહેલા તે પહેલાના ધોરણે અથવા ડ્રો કરીને પ્રવેશ આપવાનો છે.

**'શૈક્ષણિક વર્ષ દરમ્યાન ધોરણ ૧ થી ૫ માટે કામકાજના ૨૦૦ દિવસ અને વર્ષ દીઠ ઓછામાં ઓછા ૮૦૦ કલાક શૈક્ષણિક કામગીરી કરવાની રહેશે.'**

**'શૈક્ષણિક વર્ષ દરમ્યાન ધોરણ ૬ થી ૮ માટે કામકાજના ૨૨૦ દિવસ અને વર્ષ દીઠ ઓછામાં ઓછા ૧૦૦૦ કલાકનું શૈક્ષણિક કાર્ય કરવાનું રહેશે.'**

'પ્રાથમિક શાળામાં દરેક શિક્ષકે અઠવાડિયાની ૪૫ કલાકની કામગીરી કરવાની રહેશે. એટલે કે દિવસની શાળાઓમાં સોમથી શુક્ર દરમિયાન દરરોજ આઠ કલાક અને શનિવારે પાંચ કલાકની કામગીરી કરવાની રહેશે.'

ઉપરોક્ત જોગવાઈઓનો હેતુ એ છે કે બાળક શાળામાં જેટલો સમય રોકાય તે સમય દરમિયાન એને પૂરતું ભણવાનું મળે.

વર્ગકાર્ય ઉપરાંતના શાળા સમયમાં શિક્ષકે વર્ગશિક્ષણની તૈયારી, બાળકોની નોટબૂક, સ્વાધ્યાય પોથી વગેરે ચકાસવા જેવી કામગીરી કરવાની છે. આ સમય દરમિયાનમાં શિક્ષકે શાળામાં હાજર રહેવાનું છે.

**'શાળા કક્ષાએ શાળા વ્યવસ્થાપન સમિતિ (School Management Committee)ની રચના કરવી.'**

આ ઠરાવને ધ્યાનમાં લઈ સર્વ શિક્ષા અભિયાન દ્વારા આ અગાઉ રચના કરેલી ગ્રામશિક્ષણ સમિતિ અને ગ્રામ બાંધકામ સમિતિ નાબૂદ કરીને તેમના બદલે શાળા વ્યવસ્થાપન સમિતિ રચવાની થાય છે. અને દર બે વર્ષે તેની પુનઃરચના કરવાની છે.

એસ એમ સી માં ૭૫% પ્રતિનિધિત્વ વાલીઓનું હોઈ, એસ એમ સી સાચા અર્થમાં શાળાની કામગીરીમાં રસ લેતી થાય એવો મુખ્ય આશય છે.

શાળાની જાળવણી, ઓરડાઓનું બાંધકામ તેમજ રિપેરીંગ જેવાં કાર્યો ઉપરાંત મધ્યાહ્ન ભોજન પર દેખરેખ અને નિયંત્રણ તથા અન્ય શાળાકીય કામગીરીમાં સમુદાયની ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે આ સમિતિની રચના કરવામાં આવી છે.

## શાળા વ્યવસ્થાપન સમિતિનું માળખું

શાળા વ્યવસ્થાપન સમિતિ કુલ બાર (૧૨) સભ્યોની બનશે, જેમાં ૭૫ ટકા (૯) **સભ્યો શાળામાં અભ્યાસ કરતાં બાળકોનાં માતા-પિતા કે વાલીઓમાંથી હશે,** જેમાં વંચિત જૂથ અને નબળા વિભાગના બાળકોનાં માતા-પિતા કે વાલીઓને પ્રમાણસર પ્રતિનિધિત્વ આપવાનું રહેશે.

બાકી રહેલ ૨૫ ટકા સભ્ય સંખ્યામાં નીચેની વ્યક્તિઓનો સમાવેશ કરવાનો રહેશે.



ક. એક સભ્ય સ્થાનિક સત્તાતંત્ર (ગ્રામપંચાયત, નગર શિક્ષણ સમિતિ) નક્કી કરે તેવા સ્થાનિક સત્તાતંત્રના ચૂંટાયેલા સભ્ય

ખ. એક સભ્ય શાળાના શિક્ષકોમાંથી શિક્ષકો નક્કી કરે તે શિક્ષક.

ગ. એક સભ્ય સ્થાનિક શિક્ષણવિદ/શાળાના બાળકોમાંથી સમિતિમાં સમાવિષ્ટ માતા-પિતા નક્કી કરે તે.

ઘ. સ્થાનિક કડિયો (ગામમાં કડિયો ન હોય તો બાજુના ગામનો કડિયો) (આ સભ્યની નિયુક્તિ શાળા વ્યવસ્થાપન સમિતિના અધ્યક્ષશ્રીએ કરવાની રહેશે.)

શાળા વ્યવસ્થાપન સમિતિ પોતાના રોજિંદા વહીવટ ચલાવવા માટે સમિતિમાં માતા-પિતા તરીકે સમાવિષ્ટ સભ્યોમાંથી અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની પસંદગી કરશે. શાળાના આચાર્ય અથવા જ્યાં શાળામાં આચાર્ય ના હોય ત્યાં શાળાના - શ્રેયાન શિક્ષક, હોદ્દાની રૂએ (Ex-Officio) શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્ય સચિવ બનશે. **એસ એમ સીની બેઠક દર મહિને બોલાવવાની છે. બેઠક બોલાવવાનું અને એ અંગેની નોંધ રાખવાનું કામ સભ્ય સચિવ કરશે. શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યોને તેમની ફરજો અને કાર્યોની જાણકારી આપવામાં આવેલ છે.**

# ૨

# પ્રવેશ (નામાંકન) હાજરી, સ્થાયીકરણ

પ્રાથમિક શિક્ષણના સાર્વત્રીકરણ, સ્થાયીકરણ અને ગુણવત્તા સુધારણા માટે રાજ્ય સરકાર સાથેની લાંબાગાળાની આર્થિક ભાગીદારી સાથેના ભારત સરકારના મહત્વકાંક્ષી કાર્યક્રમ "સર્વ શિક્ષા અભિયાન" નું અમલીકરણ સમગ્ર ગુજરાતમાં ૨૦૦૧થી કરવામાં આવી રહ્યું છે. એસએસએ અંતર્ગત દરેક બાળકનું શાળામાં નામાંકન, સ્થાયીકરણ કરે અને ગુણવત્તાયુક્ત પ્રાથમિક શિક્ષણ મેળવે તે માટે તમામ સ્તરે યથાયોગ્ય પ્રયાસ થયા છે.



## નામાંકન (પ્રવેશ) :

- ધી રાઈટ ટુ ચિલ્ડ્રન ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ ૨૦૦૯ કાયદાની જોગવાઈઓ અનુસાર ૬ થી ૧૪ વર્ષની વયજૂથના તમામ બાળકોને ફરજિયાત શિક્ષણ માટે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ ઉપર સંયુક્ત જવાબદારી સોંપવામાં આવેલ છે.
- આરટીઈ એક્ટની જોગવાઈ અનુસાર ૬ થી ૧૪ વયજૂથના શાળાએ જવા પાત્ર તમામ બાળકોને શાળામાં દાખલ કરવા જરૂરી છે. આ માટે રાજ્ય સરકાર દ્વારા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ દર વર્ષે ઉજવવામાં આવે છે. જેમાં રાજ્ય સરકારના પદાધિકારીઓ, આઈએએસ, આઈપીએસ અને આઈએફએસ અધિકારીઓને રાજ્યના જે ગામોમાં કન્યા કેળવણીનો દર ૩૫% કરતાં ઓછો હોય તેવા ગામોમાં મોકલીને તે ગામના તમામ લોકોને પ્રોત્સાહિત કરવામાં આવે છે. આમ, ઉપર મુજબ રાજ્ય સરકાર શાળામાં પ્રવેશપાત્ર તમામ બાળકો પ્રવેશ પામે તે અંગે પોતાની જવાબદારી નિભાવે છે.
- શાળામાં પ્રવેશપાત્ર કોઈપણ બાળક પ્રવેશથી વંચિત ન રહે તે માટે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સાથેસાથે PRI ના સભ્યોએ પણ બાળકોના શાળા પ્રવેશ અંગે વિશેષ તકેદારી રાખવાની ટેવ પાડવી આવશ્યક છે.
- આ સમિતિના સભ્યોએ શાળામાં પ્રવેશ પામેલ કોઈપણ બાળકોને શારીરિક શિક્ષા કે માનસિક ત્રાસ ન થાય. આ બાળકોને આનંદદાયી શિક્ષણ (જોયફૂલ લર્નીંગ) અને પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ મળે તે પ્રકારનું આયોજન શાળા કક્ષાએ થાય તે મુજબની વ્યવસ્થા ગોઠવવામાં માર્ગદર્શન આપવું જોઈએ.
- વાલીઓને પોતાનું બાળક શાળામાં પૂરતો સમય પૂરતી હાજરી આપે તે મુજબની તકેદારી રાખે તે મુજબનું માર્ગદર્શન PRI ના સભ્યોએ વાલીઓને આપવું જોઈએ.

- શાળાએ ક્યારેય ન ગયેલ બાળકોને સ્પેશ્યીલ ટ્રેનીંગ પ્રોગ્રામમાં સામેલ કરી તેની વયકક્ષા અનુસારના ધોરણ માટે તૈયાર કરીને, જે તે ધોરણમાં પ્રવેશ અપાવવો.
- શાળામાંથી અધવચ્ચેથી અભ્યાસ છોડી દીધેલ બાળકોને શાળામાં તેની વયકક્ષા અનુસાર પુનઃ પ્રવેશ અપાવવો.

## હાજરી :

- શાળામાં બાળક પ્રવેશ મેળવીને શાળામાં દરરોજ હાજરી આપે તે જરૂરી છે. મધ્યાહ્‌ન ભોજન યોજનાનો દરેક બાળક લાભ લે તે માટે જરૂરી પ્રયત્નો કરવા.
- સમયાંતરે શાળાની ગમે ત્યારે મુલાકાત લઈ શાળાના વર્ગોમાં બાળકોની હાજરીનું મોનીટરીંગ કરવું. ગેરહાજર રહેલા બાળકોના નામ-સરનામા મેળવી PRI ના સભ્યોએ વાલીનું કાઉન્સીલીંગ કરવાની વ્યવસ્થા કરવી.
- મહોલ્લા, શેરીમાં રહેતા બાળકો શિક્ષકોની મદદ લઈ બાળકના ઘરે તેની ગેરહાજરીના સમયની જાણ કરવી.
- રિસેસ પહેલાં અને રિસેસ બાદ શાળાની પંચાયતીરાજના સભ્યોએ અવારનવાર સમયાંતરે મુલાકાત લેવાની વ્યવસ્થા ગોઠવવી.

## સ્થાયીકરણ :

પંચાયતીરાજના સભ્યોએ ગામની શાળાના શિક્ષકો, બાળકો, વાલીને જરૂરી માર્ગદર્શન પૂરુ પાડવું.

૬ થી ૧૪ વર્ષના તમામ બાળકો શાળામાં દાખલ કરવા જરૂરી છે. દરેક બાળકનો શિક્ષણ મેળવવાનો અધિકાર હોવાથી આપણી એ ફરજ બને છે. આ દરેક બાળકને શાળામાં પ્રવેશ (નામાંકન) અપાવવો અને ત્યારબાદ પ્રાથમિક શિક્ષણના ૧૦૦ ટકા સ્થાયીકરણ થાય તેની કાળજી લેવી. એટલે કે શાળામાં પ્રવેશ પામેલ બાળકો અધવચ્ચેથી ઉઠી ન જાય અથવા અનિયમિત ન બની જાય તે માટે શાળા આવા બાળકોના વાલીઓનો સંપર્ક કરવા મદદરૂપ થવું.

- ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકો જેવા કે અધવચ્ચેથી ઉઠી ગયા હોય તો તેઓને ફરીવાર વય મુજબ શાળામાં પ્રવેશ અપાવવા માટે શિક્ષકો, ગ્રામજનોને પ્રેરણા આપવી અને જાગૃતિ લાવવી.
- મફત પાઠ્યપુસ્તક, ગણવેશ, મધ્યાહ્‌ન ભોજન, વિદ્યાલક્ષ્મી બોન્ડ વગેરેની વાલીઓને જાણકારી આપવી.
- શાળામાં પ્રવેશ પામેલ બાળકો શાળામાં ટકી રહે, શાળામાં રોકાવું ગમે, તે માટે શાળાએ યોગ્ય શૈક્ષણિક વાતાવરણ ઊભુ કરવું.
- વાલીઓમાં શિક્ષણ પ્રત્યે જાગૃતતા આવે અને તેઓ બાળકોના શિક્ષણ પ્રત્યે રસ લેતા થાય તેવી પ્રવૃત્તિઓનું આયોજન કરાવવું.
- ગ્રામપંચાયતનાં સભ્યો જ્યારે પણ શાળાની મુલાકાત લે ત્યારે બાળકોનો શાળામાં પ્રવેશ, હાજરી, સ્થાયીકરણની જાણકારી મેળવી માર્ગદર્શન આપવું.

# 3 કન્યા શિક્ષણ
# KGBV - NPEGEL



સામાન્ય રીતે આપણા સમાજમાં કન્યાઓના શિક્ષણ પ્રત્યે દુર્લક્ષ સેવાતુ હોય છે. ખાસ કરીને કેટલીક જ્ઞાતિઓમાં બાળલગ્ન પ્રથા પ્રચલિત છે તેના કારણે અથવા ઘરના કામકાજને લઈને અથવા નાના ભાઈબહેનને સાચવવાની કામગીરીને લઈને તેઓના શિક્ષણને છેલ્લી અગ્રિમતા (Priority) આપવામાં આવે છે. આવા કેટલાક છુપા કારણોસર કન્યાઓના શિક્ષણનો દર કુમારો કરતા ઓછો જણાય છે. આથી કન્યાઓના વિકાસમાં તથા સમાજના વિકાસમાં આ બાબત બાધારૂપ બને છે. આ માટે કન્યાઓ જે સમુદાયમાંથી (Community) આવતી હોય તે સમુદાયને કન્યા શિક્ષણ પ્રત્યેની જાગૃતતા તેમજ ગંભીરતા હોવી જરૂરી છે. આવા સમુદાયોમાં જે કન્યાઓ થોડુંક પણ ઉદાહરણરૂપ શિક્ષણ મેળવીને કંઈક હોદ્દો હાંસલ કરી શકી છે તેને અન્ય સમુદાયના સભ્યો માટે રોલ મોડેલ તરીકે પ્રસ્થાપિત કરવી જેથી સમુદાયમાં અન્ય સભ્યોને પોતાની કન્યાઓને ભણાવવાની પ્રેરણા મળે.

પંચાયતીરાજના સભ્યોએ પોતાના ગામની એકપણ દિકરી ભણ્યા વગરની ન રહે તેની કાળજી રાખવી જોઈએ.

## પૂર્વ પ્રાથમિક શિક્ષણ

સર્વ શિક્ષા અભિયાન દ્વારા બાળકોના પૂર્વ પ્રાથમિક શિક્ષણને સઘન બનાવવાના પણ પ્રયત્નો ચાલે છે. જેના માટે ઈસીસીઈ કેન્દ્રો (અર્લી ચાઈલ્ડ હુડ કેર એન્ડ એજ્યુકેશન) ચાલે છે. ગ્રામ પંચાયતના સભ્ય દ્વારા પોતાના વિસ્તારમાં ચાલતા કેન્દ્રોની સતત દેખરેખ રાખવી. આ કેન્દ્રોમાં બાળકોની નિયમિત સંખ્યા, તેઓને કરાવવામાં આવતી પ્રવૃત્તિઓ, ઈસીસીઈ વર્કરની કામગીરી અને તેઓને પડતી મુશ્કેલી અંગે માર્ગદર્શન વગેરે જવાબદારીઓ નિભાવવાની રહેશે. વર્ષનાં અંતે ઈસીસીઈ કેન્દ્રનાં તમામ બાળકો શાળામાં દાખલ થાય (૧૦૦% નામાંકન) તેવા પ્રયત્નો કરવા.

## કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલય

કન્યા શિક્ષણને વધુ વ્યાપક બનાવવા જે કન્યાઓ અધ વચ્ચેથી શાળા છોડી ગઈ છે તેમજ કદીએ શાળાએ નથી ગઈ તથા જેઓના વાલી આર્થિક કામગીરી અથવા ધંધાના હેતુસર સતત સ્થળાંતર કરે છે તેવી કન્યાઓ, જેના માતા અથવા પિતા અથવા બંનેમાંથી કોઈ નથી તેવી કન્યાઓ અને જે કન્યા ગરીબી રેખા નીચેની છે તેવી કન્યાઓને શિક્ષણ આપવા માટે સર્વ

શિક્ષા અભિયાન દ્વારા ચાલતી નિવાસીશાળા એટલે કે કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (KGBV) ની વ્યવસ્થા છે. KGBV કે.જી.બી.વી. ગુજરાતના નીચા સ્ત્રી સાક્ષરતા દર ધરાવતા તાલુકાઓમાં ચાલે છે. જેમાં મફત શિક્ષણ, શૈક્ષણિક સાધન સામગ્રી, ગણવેશ, વિવિધ જીવનકૌશલ્યલક્ષી તાલીમ, શૈક્ષણિક પ્રવાસ, રહેવાનું અને જમવાનું પૂરું પાડવામાં આવે છે.

## કન્યાઓના પ્રાથમિક શિક્ષણ અંગેનો રાષ્ટ્રીય કાર્યક્રમ

ગુજરાતમાં શૈક્ષણિક રીતે પછાત તાલુકાઓમાં કન્યા શિક્ષણને વેગ આપવા શિક્ષણ ઉપરાંત અન્ય પ્રવૃત્તિઓ હાથ ધરવા એસએસએ દ્વારા NPEGEL (National Programme for Education of Girls at Elementary Level) ની યોજના એટલે કે પ્રાથમિક સ્તરે કન્યાઓના શિક્ષણનો રાષ્ટ્રીય કાર્યક્રમ જેનો હેતુ આવા વિસ્તારની કન્યાઓને શાળામાં દાખલ થાય, દાખલ થયેલ કન્યાઓ શાળા છોડી ન દે અને શિક્ષણ સાથે શાળામાં વિવિધ જીવનકૌશલ્યથી તાલીમ પણ મેળવે તે છે.





પંચાયતીરાજના સભ્ય દ્વારા જો પોતાના વિસ્તારની શાળાની અને શાળા બહારની કન્યાઓ પર સતત દેખરેખ રાખવામાં આવે તો કુમારની સરખામણીમાં કન્યાઓનો સાક્ષરતા દર વધી શકે, કારણ કે કન્યાઓના શિક્ષણનો ખૂબ જ ફાયદો છે. હાલની પરિસ્થિતિમાં જે માતા પિતાએ પોતાની દીકરીઓને ભણાવી છે તે દીકરીઓ પોતાના કુટુંબ, બાળકો તથા સમાજને આર્થિક તેમજ સામાજિક દૃષ્ટિએ મદદરૂપ થઈ રહી છે અને સમાજમાં એક મોભો પ્રાપ્ત કરે છે. જે કન્યાઓ નથી ભણી શકી તે પોતાનું જીવન તો જીવે છે પરંતુ તેનામાં પોતાના બાળકોના વિકાસ તેમજ સમજણમાં ખોટ વરતાય છે. આથી પ્રાથમિક શિક્ષણતો ફરજિયાત મળે તેવો પ્રયત્ન કરીએ.

# ૪ શાળા પર્યાવરણ



શાળા પર્યાવરણમાં કેવળ ભૌતિક નહીં પરંતુ ભાવાવરણનો પણ એમાં સમાવેશ થાય છે. જે પૈકી ભૌતિક બાબતોમાં નીચેનાનો સમાવેશ થાય છે.

(૧) **શાળાનું મકાન -** યોગ્ય હવાઉજાસ અને પૂરતી મોકળાશવાળી જગ્યાએ હોવું જોઈએ.

(૨) **વર્ગખંડ -** બાળકોની વયકક્ષાના સંદર્ભે યોગ્ય બેઠકવાળો, જરૂરી સુવિધાથી સજ્જ, શૈક્ષણિક સાધન-સામગ્રીથી સજ્જ હોવો જોઈએ.

(૩) **રમત માટેનું મેદાન -** વિવિધ રમતો માટેનાં મેદાનો ઉપરાંત, હીંચકા, લપસણી તથા રમતગમતનાં સાધનો સાથેનું હોવું જોઈએ.

(૪) **શાળા સેનીટેશન/સ્વચ્છતા સંકુલ :** કુમાર, કન્યા અને સ્ટાફ માટે અલગ અલગ સેનીટેશન યુનિટ હોવાં જોઈએ. નિયમિત સફાઈની પણ વ્યવસ્થા રાખવી.

**(૫) પીવાના પાણીની વ્યવસ્થા :** બાળકોને પીવાનું શુદ્ધ પાણી મળી શકે એ માટે વ્યવસ્થા હોવી જોઈએ. પાણીની ટાંકીની નિયમત સફાઈ થવી જોઈએ. પાણીનો બગાડ ન થાય તથા વપરાશી પાણીનો બાગબાનીમાં ઉપયોગ થાય એવી વ્યવસ્થા ગોઠવવી.

**(૬) બાગબાની -** શાળામાં આકર્ષક બગીચો બનાવવો.

- ઔષધ બાગ બનાવીએ.
- અનાજ, કઠોળ, શાકભાજી, ફળાઉ ઝાડ એવા વિભાગો બનાવી શકાય.
- ભૂમિગત પ્રકાંડ (આદુ, હળદર, બટાકા, સુરણ વગેરે)
- મેથીભાજીથી ભૂમિગત નકશા બનાવવા.

**(૭) શાળાસફાઈ -** શાળાનું મેદાન, લોબી, વર્ગખંડો તથા સ્વચ્છતા સંકુલની નિયમિત સફાઈનું આયોજન કરવું. શાળા, દફતર, શાળા ફર્નિચર, મધ્યાહ્ન ભોજન સામગ્રી, પીવાના પાણીના સાધનો તથા બાળકોની સ્વચ્છતા સંબંધી કાળજી લેવી/વ્યવસ્થા ગોઠવવી.

**(૮) શાળા વાતાવરણ -** શાળા બાળકને ગમતી થાય અને ત્યાં એને મુક્ત અને આનંદમય વાતાવરણ મળે.



ગ્રામવાટિકા, વિકાસવન, પંચવાટિકા જુદી જુદી યોજનાઓ અંતર્ગત શાળાકીય પર્યાવરણમાં આકર્ષક બાગબાની, વૃક્ષારોપણની કામગીરી કરી શકાય.

# ૫ ગુણવત્તાલક્ષી શિક્ષણ

## પ્રજ્ઞા અભિગમ

વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે શાળા શિક્ષણમાં કે વર્ગ શિક્ષણમાં અનેકવિધ અભિગમોનો શિક્ષક ઉપયોગ કરતો રહ્યો છે જે ક્યારેક શિક્ષકકેન્દ્રી, બાળકેન્દ્રી, વર્ગખંડકેન્દ્રી કે પાઠ્યપુસ્તકકેન્દ્રી હોય છે. સમગ્રતયા વર્ગનાં તમામ બાળકોને કેન્દ્રમાં રાખીને, તેમની વૈયક્તિક ભિન્નતાને ધ્યાનમાં લઈને, તેમની ક્ષમતા-ગતિને આધારે શિક્ષણ આપવાનું હંમેશાં મુશ્કેલ રહ્યું છે. શિક્ષણવિદો અને શિક્ષકો એવા અભિગમની શોધમાં હોય છે, જેમાં વર્ગનાં તમામ બાળકોને શિક્ષણ પ્રક્રિયામાં જોડી શકાય, તેમની શૈક્ષણિક સિદ્ધિઓનું વ્યક્તિગત માપન થઈ શકે. આ તમામ આવશ્યક્તાને ઉપકારક બને એવો અભિગમ એટલે પ્રજ્ઞા.

પ્રજ્ઞા એ જૂથ આધારિત પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન મેળવવાનો એવો અભિગમછે કે જેમાં સ્વનિર્મિત અધ્યયન સામગ્રીના નિર્માણ અને ઉપયોગ દ્વારા વિદ્યાર્થીઓ સહપાઠી શિક્ષણ વડે પોતાની ગતિ-ક્ષમતા અનુસાર આનંદદાયી શિક્ષણ મેળવે છે અને મેળવેલ શિક્ષણનું વિદ્યાર્થીઓ તેમજ શિક્ષક મૂલ્યાંકન કરે છે. આ અભિગમની શૈક્ષણિક પ્રક્રિયા ભાર વગરના ભણતર સાથે સંકળાયેલી છે, જેથી વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ છે.

| પરંપરાગત વર્ગ | પ્રજ્ઞા વર્ગ |
|---|---|
| • **બાળકો મોટા જૂથમાં એક સાથે ભણે છે.** | • **બાળકો અલગ-અલગ નાના જૂથમાં પોતાની ગતિએ એકબીજાની મદદથી ભણે છે.** |
| • **શિક્ષક તમામ સ્તરના બાળકોને સાથે લઈને શિક્ષણ કાર્ય કરે છે. જેના કારણે દરેક બાળકને પૂરતો ન્યાય મળતો નથી અને શિક્ષકનું કાર્ય નિરસ લાગે છે.** | • **બાળક પોતાની ગતિએ જેતે મુદ્દો શીખીને નવા મુદ્દા તરફ આગળ વધે છે.** |
| • **બાળકને બેસવા માટે તેમજ પ્રવૃત્તિ કરવા માટે પૂરતી જગ્યા કે સામગ્રી મળતી નથી.** | • **બાળકને બેસવા માટે તેમજ પ્રવૃત્તિ માટે જરૂરી સાધન-સામગ્રી પૂરતા પ્રમાણમાં મળી રહે છે.** |
| • **જરૂરી સાધન સામગ્રી બાળકોની પહોંચથી પણ વધુ ઊંચાઈ ઉપર જોવા મળે છે.** | • **જરૂરી તમામ સામગ્રી બાળક જાતે લઈ શકે અને મૂકી શકે તેવી ઊંચાઈએ છે.** |
| • **બાળક માત્ર શિક્ષકની મદદથી જ શીખે છે.** | • **બાળકને શિક્ષક તેમજ વર્ગના અન્ય બાળકો તથા શૈક્ષણિક સાધન સામગ્રીની મદદથી શીખી શકે છે.** |
| • **બાળકોને ભારેખમ દફતર સાથે વર્ગમાં આવવું પડે છે.** | • **બાળકને જરૂરી તમામ સાહિત્ય તથા સાધન સામગ્રી વર્ગ ખંડમાંથી જ મળી રહે છે.** |
| • **બાળક દ્વારા તૈયાર થયેલ નમૂનાને પ્રદર્શિત કરવાની પૂરતી તક મળતી નથી.** | • **બાળકને પોતાની મેળે જ, પોતાના દ્વારા તૈયાર થયેલ નમૂનાઓને ડિસ્પ્લે બોર્ડ ઉપર પ્રદર્શિત કરવાની તક મળે છે.** |

પ્રજ્ઞા અભિગમ આવનાર સમય માટે પ્રાથમિક શિક્ષણ માટે ખૂબ જ જરૂરી એવો, નવીન અભિગમછે. સમાજ તેનાથી માહિતગાર થાય, તે હેતુથી પ્રજ્ઞા અભિગમની તમામ બાબતોથી વાલી, સમાજ વગેરેને વાકેફ કરી પ્રજ્ઞા અભિગમને વેગ મળે તે માટે, નીચેની બાબતો ઉપર ખાસ ધ્યાન આપી, નવીન અભિગમનો પ્રચાર-પ્રસાર કરવો જોઈએ.

પ્રથમ સત્રના પ્રારંભે વાલી તેમજ સમુદાયના સભ્યો સાથે બેઠક યોજી બિનપ્રજ્ઞા વર્ગ અને પ્રજ્ઞાવર્ગનું નિદર્શન કરાવી બંને વર્ગ વચ્ચેની તુલના સમજાવવી.

શાળામાં ચાલતા અન્ય વર્ગો અને પ્રજ્ઞા વર્ગની એક્ષપોઝર વિઝીટ કરાવવી. હાજર વાલી, PRIના સભ્યો અને સમુદાયના સભ્યો દ્વારા તુલનાના તારણો રજૂ કરાવવા.

## પ્રજ્ઞા અભિગમની વિશેષતાઓ



- બાળકની પ્રગતિ તેના પ્રગતિમાપન ચાર્ટ, પોર્ટફોલિયો તેમજ બાળકની સ્વઅધ્યયનપોથી દ્વારા જાણી શકાય છે.
- બાળકના સર્વાંગી વિકાસ માટે બાળકની સર્જનકળા, સાંસ્કૃતિક કળા અને સંસ્કાર ઘડતરના કૌશલ્યોની કેળવણી માટે સપ્તરંગી પ્રવૃત્તિઓની પૂરતી તક બાળકને પ્રાપ્ત થશે.
- કોઈપણ જાતના ભારણ વગર બાળક મુક્ત રીતે પ્રવૃત્તિલક્ષી અને આનંદદાયી શિક્ષણની તક પ્રાપ્ત કરશે.
- વિવિધ સ્તરના બાળકોને શીખવા માટે પૂરતી તક અને સમય મળી રહેશે.
- પ્રત્યેક સમયે બાળકની પ્રગતિની જાણકારી, પ્રગતિમાપન ચાર્ટ દ્વારા જાણી શકાય છે. અને વાલી જ્યારે પણ બાળકની પ્રગતિનો અહેવાલ માગે ત્યારે, તેના બાળકની પ્રગતિનો અહેવાલ તુરંત આપી શકાશે.
- પરંપરાગત શિક્ષણ પદ્ધતિમાં ફેરફાર કરી, સમયની માંગ મુજબની તમામ સુવિધાઓ સાથે બાળકને શીખવવાની તક મળી રહેશે.
- ગૃહકાર્યનો વધુ પડતો ભાર બાળકને રહેશે નહીં. બાળકે અવલોકન અને મુલાકાત દ્વારા તથા સંગ્રહ આધારિત પ્રવૃત્તિઓ દ્વારા શીખેલું દૃઢ કરવાની તક પૂરી પાડવામાં આવશે.
- શરૂઆતના તબક્કે બાળકને માતૃભાષાના માધ્યમથી શીખવાની પૂરતી તક પ્રાપ્ત થશે તેમજ અન્ય ભાષા (હિન્દી, અંગ્રેજી)નું શિક્ષણ શ્રવણકથનના માધ્યમથી સપ્તરંગી પ્રવૃત્તિઓના માધ્યમથી શીખવાની તક પ્રાપ્ત થશે.

આ બાબતોને ધ્યાને લઈ સમુદાયમાં પ્રજ્ઞા અભિગમનો પ્રચાર-પ્રસાર કરવો તેમજ વાલી સંમેલન અને વાલી મુલાકાત વખતે દરેક વાલી સાથે અભિગમ બાબતે ચર્ચા કરી જરૂરી જાણકારી શિક્ષક, આચાર્ય, સી.આર.સી.કો ઓ., બી.આર.સી.કો.ઓ., બી.આર.પી. પ્રજ્ઞા અને કેળવણી નિરીક્ષકો દ્વારા અપાય તે ખૂબ જરૂરી છે.

# એડેપ્ટ્સ - શિક્ષક સમર્થન દ્વારા ઉત્કૃષ્ટ શૈક્ષણિક અભિવ્યક્તિ

શિક્ષણ વિભાગના વિવિધ પ્રયત્નોથી ગુજરાતમાં નામાંકન અને સ્થાયીકરણમાં ઉત્કૃષ્ટ સિદ્ધિ મેળવી છે, ગુણવત્તા અભિવૃદ્ધિ માટે સર્વગ્રાહી પ્રયત્નો ચાલુ છે. ગુણવત્તા માટેના પરિબળોમાં શિક્ષકોની ઉત્કૃષ્ટ અભિવ્યક્તિ (Performance) અત્યંત મહત્વનું છે. તેના માટે કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રાલય અને યુનિસેફના સંયુક્ત ઉપક્રમે (Advancement of Educational Performance through Teacher Support) ADEPTS - એડેપ્ટ્સ : શિક્ષક સમર્થન દ્વારા ઉત્કૃષ્ટ શૈક્ષણિક અભિવ્યક્તિ કાર્યક્રમ તૈયાર કરવામાં આવેલ છે.



## આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ

**૧. શિક્ષક તેની ક્ષમતા જાણી શકે અને તેમાં ઉત્તરોત્તર વધારો કરી શકે.**

**૨. શિક્ષકની અભિવ્યક્તિ (Performance) ને ઉત્કૃષ્ટ કરવી.**

**૩. સમાજની અપેક્ષા અનુસાર શિક્ષકનું વલણ કેળવાય.**

**૪. શિક્ષકના શિક્ષકત્વને નિખારવું.**

આ માટે શિક્ષકોના પર્ફોર્મન્સનાં ચાર ક્ષેત્ર નક્કી કરવામાં આવ્યાં છે.

**(૧) જ્ઞાનાત્મક પરિમાણ (૨) સામાજિક પરિમાણ**
**(૩) ભૌતિક પરિમાણ (૪) સંસ્થાકીય પરિમાણ**

ઉપરોક્ત ચારેય પરિમાણમાં વિવિધ વિધાનો નક્કી કરવામાં આવ્યા છે, જે શિક્ષકો માટેની કાર્યપ્રણાલી બને. ક્રમશઃ તે વલણનું સ્વરૂપ ધારણ કરે.

આમ ''શિક્ષકોના વલણ ઘડતર માટેનો કાર્યક્રમ'' એટલે એડપ્ટ્સ - કાર્યક્રમ

સપ્ટેમ્બર-૦૭થી ગુજરાતમાં પ્રથમ તબક્કામાં ૪૫૬ શાળામાં આ કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો. જે ક્રમશઃ ૨૦૦૮માં ૬૭૦૦ શાળાઓ અને ૨૦૧૦માં ૨૨,૦૦૦ શાળામાં અમલી બન્યો. અત્યારે રાજ્યની ૨૨,૦૦૦ શાળાઓમાં અંદાજે ૧,૫૦,૦૦૦ શિક્ષકો માટે આ કાર્યક્રમ અમલમાં છે.

આ કાર્યક્રમ અંતર્ગત રાજ્યની એકપણ શાળા કે શિક્ષકને કોઈ જ પ્રકારનું અનુદાન (ગ્રાન્ટ) આપવામાં આવતું નથી.

આ કાર્યક્રમની શરૂઆત છે અંત નહીં. આ એક શિક્ષક માટે જીવનપર્યંત ચલાવતા રહેવાનો કાર્યક્રમ છે.

પ્રતિ વર્ષ શિક્ષક પોતાનું શૈક્ષણિક પર્ફોર્મન્સ વધારે સરસ કરી શકે તે માટે તેને દર વર્ષે તાલીમ આપવામાં આવે છે. શિક્ષક પોતાના કાર્યને જાણી શકે તે માટે તે સ્વ-મૂલ્યાંકન કરે છે.

શિક્ષકને કયા ક્ષેત્રમાં મદદની જરૂર છે તે જાણી શકાય છે.

## આ કાર્યક્રમ અંતર્ગત 'એડપ્ટ્સ' શાળાઓમાં નીચે જેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.

**(૧) રામદુકાન**
**(૨) અક્ષયપાત્ર**
**(૩) આજનું ગુલાબ**
**(૪) આજનો દિપક**
**(૫) ખોયાપાયા**
**(૬) પ્રાર્થના સભા**
**(૭) યુનિટ ટેસ્ટ**
**(૮) સ્ટુડન્ટ પોર્ટફોલિયો**
**(૯) સ્ટુડન્ટ પ્રોફાઈલ**
**(૧૦) ડિસપ્લે બોર્ડ**
**(૧૧) શિક્ષક બેઠક**
**(૧૨) સામૂહિક બચત**
**(૧૩) મુખર વાચન**
**(૧૪) શાળા પર્યાવરણ**
**(૧૫) વર્ગ પુસ્તકાલય**
**(૧૬) પ્રતિભા શોધ પ્રવૃત્તિઓ**
**(૧૭) શૈક્ષણિક આયોજન**
**(૧૮) ક્ષૈત્રિય મુલાકાત**
**(૧૯) મૂલ્ય વર્ધક પ્રવૃત્તિઓ**
**(૨૦) મુખપત્ર**
**(૨૧) હેલ્થ કોર્નર**
**(૨૨) વિષય મંડળ**
**(૨૩) સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ**

આપના ગામની શાળામાં ઉપરોક્ત પ્રવૃત્તિઓ કોઈપણ પ્રકારની ગ્રાન્ટ વગર ચાલે છે, ગ્રામ પંચાયતના સભ્યોએ શાળાની મુલાકાત લઈ જરૂરી પ્રેરણા પૂરી પાડવી જોઈએ.

# ૬ વિકલાંગ બાળકો માટેનું સંકલિત શિક્ષણ (આઈઈડી)

વિકલાંગ બાળકોના શિક્ષણ અંગે ઘણાં વર્ષોથી કાર્ય થઈ રહ્યું છે. પરંતુ આ શિક્ષણ વિકલાંગ બાળકોની વિશિષ્ટ શાળા (સ્પેશ્યલ સ્કૂલ) સુધી જ મર્યાદિત હતું.

આ યોજનાની વિશેષતા એ છે કે વિકલાંગ બાળક તેના માતા-પિતા સાથે રહીને, પોતાના જ ગામ કે વિસ્તારની સામાન્ય શાળામાં સામાન્ય બાળકો સાથે જ શિક્ષણ મેળવે છે.

ગામની સામાન્ય શાળામાં સામાન્ય બાળકો સાથે રહીને વિકલાંગ બાળક શિક્ષણ મેળવે, જેમાં અંધ, અલ્પદષ્ટિ, બહેરાં, માનસિક ક્ષતિ અને શારીરિક ક્ષતિવાળાં તથા અન્ય વિકલાંગતા ધરાવતાં બાળકોનો સમાવેશ થાય છે.




## વિકલાંગ બાળકો માટેનું સંકલિત શિક્ષણ : સર્વ શિક્ષા અભિયાન

પ્રારંભિક શિક્ષણમાં સાર્વત્રીકરણનાં ધ્યેય હાંસલ કરવા સામાન્ય શાળાનાં બાળકોને ૬ થી ૧૪ વર્ષની વય સુધી આવરી લેવામાં આવેલ છે. જ્યારે વિકલાંગ બાળકો માટે પ્રાથમિક શિક્ષણમાં ૬ થી ૧૮ વર્ષની વય સુધી વિકલાંગ ધારા અન્વયે જોગવાઈ કરવામાં આવી છે.

## સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સંકલિત શિક્ષણનાં ધ્યેયો

- પ્રાથમિક શિક્ષણનાં સાર્વત્રીકરણનાં ધ્યેય હાંસલ કરવા માટે દરેક વિકલાંગ બાળક શાળામાં પ્રવેશ મેળવે.
- ૬ થી ૧૮ વર્ષની વયનાં તમામ વિકલાંગ બાળકો ગુણવત્તાયુક્ત પ્રારંભિક શિક્ષણ પૂરું કરે.
- વિકલાંગ બાળક પણ સામાન્ય બાળકની જેમ શિક્ષણ મેળવી આત્મનિર્ભર બને તથા પુનઃસ્થાપન પામે.

## સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સંકલિત શિક્ષણના ઉદ્દેશ્યો

- વિકલાંગ બાળકોને સમાન શિક્ષણની તક
- સમાજમાં સ્થાન
- ઓછા ખર્ચે શિક્ષણનો વધુ વ્યાપ
- વધુ સંખ્યામાં વધુ ઝડપથી વિકલાંગ બાળકોને સમાવવા.
- વિકલાંગ બાળકોના વાલીઓની શિક્ષણમાં ભાગીદારી

## વિકલાંગતા : કુદરતી રીતે અથવા આકસ્મિક કારણોસર વિકલાંગતા આવતી હોય છે.

### આ વિકલાંગતાઓ આ મુજબ છે :

- અંધત્વ અને અલ્પદૃષ્ટિ
- માનસિક ક્ષતિ અને માનસિક રોગ
- માનસિક બિમારી
- સેરેબ્રલ પાલ્સી (મગજનો લકવો)
- બહુવિકલાંગતા
- શ્રવણની ખામી
- અસ્થિવિષયક વિકલાંગતા
- મટી ગયેલ રક્તપિત્ત
- ઓટિઝમ

## સંકલિત શિક્ષણ શા માટે ?

- ભારતની મોટાભાગની વસ્તીનું ગ્રામ્ય વિસ્તારમાં રહેઠાણ
- વિકલાંગ બાળકોનો સર્વાંગી વિકાસ સાધવા
- ઓછા ખર્ચે વધુ વ્યાપ
- આદાન-પ્રદાનની વધુ તકો
- સામાજિક સંકલન થાય
- સમાન તકો પૂરી પાડવી
- વિકલાંગ ધારો-૧૯૯૫ તથા અન્ય ધારા તથા ઘોષણાપત્રની જોગવાઈનો અમલ

પંચાયતીરાજના સભ્યો જ્યારે શાળામાં મુલાકાત લે ત્યારે આચાર્ય, શિક્ષકો તેમજ વિકલાંગ બાળકો સાથે ચર્ચા કરી. IED અંતર્ગત થયેલ કામગીરીનું મોનીટરીંગ - માર્ગદર્શન કરી જરૂરી પ્રેરણા પૂરી પાડવી.

# ૭ શાળા બાંધકામ અને રિપેરીંગ

## શાળા વ્યવસ્થાપન સમિતિએ બે પ્રકારનાં માળખાકીય કામો કરવાનાં હોય છે.

- શાળા અને તેના વિભાગોની મરામતનું કામ
- જુદા જુદા સિવિલ કામો જેવા કે વર્ગખંડો, શૌચાલયો, પીવાના પાણીની સુવિધા, મધ્યાહ્ન ભોજન શેડ તેમજ બાઉન્ડ્રી વોલનું બાંધકામ
- બાંધકામની પ્રક્રિયા હાથ ધરતાં પહેલાં બેન્કમાં ખાતુ ખોલાવવા માટે આ કચેરી દ્વારા કરવામાં આવેલા પરિપત્રમાં આપેલ સૂચનાઓ મુજબ ખાતું ખોલાવવું.
- બાંધકામ માટે એસએસએ કચેરી તરફથી પ્રથમ હપ્તાનાં નાણાં મળતા પહેલાં આ અંગેના MOU કરવાના હોય છે.
- થયેલ કામના હિસાબો રાખવા, બીજા હપ્તાના નાણાં મેળવવા, નાણાં વપરાશ પ્રમાણપત્ર જેવા હિસાબો અંગેની પદ્ધતિઓ અને તેમાં અનુસરવાની કામગીરી કરવી.
- કામના બાંધકામ દરમ્યાન ટીઆરપી દ્વારા આ અંગે માર્ગદર્શન  આપવામાં આવશે તેમજ કામની ગુણવત્તા માટે થર્ડ પાર્ટી દ્વારા કામનું નિરીક્ષણ કરવામાં આવશે.









- કામપૂર્ણ થયા બાદ નિયત નમૂનામાં કામ પૂર્ણ થયા અંગેનું પ્રમાણપત્ર આપવાનું હોય છે.
- શાળાનો સમગ્ર રીતે વિકાસ કરવાનો પ્લાન તૈયાર કરી અને જેમ જેમ નાણાંની ઉપલબ્ધિ થાય તે પ્રમાણે આ પ્લાનમાં સમાવિષ્ટ જુદી જુદી એક્ટીવીટી અગ્રિમતાના ધોરણે હાથ ધરવી.
- બાળકોને શાળાના જુદા જુદા એલીમેન્ટસ અને ખુલ્લી જગ્યાઓમાંથી સતત શિક્ષણ મળી રહે તે માટે આ વિભાગોને BaLA તરીકે વિકસાવવા.
- શાળાના ઓરડા, કમ્પાઉન્ડ વૉલ, સેનીટેશન, પીવાના પાણીની સુવિધા, મધ્યાહ્ન ભોજન શેડ, અંગે પંચાયતરાજના સભ્યોએ SMC સાથે ચર્ચા કરી, શાળાને જમીન સંપદાનની જરૂરિયાત હોય તો તેમાં મદદરૂપ થવું. સમુદાયનો સહકાર મળી રહે તે માટે પ્રયત્નો કરવા.

# ૮ વૈકલ્પિક શિક્ષણ વ્યવસ્થા સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામ

સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ૬ થી ૧૪ વયજૂથનાં શાળા બહારનાં બાળકોને વૈકલ્પિક શિક્ષણની જુદી જુદી યોજનાઓમાં સાંકળી શિક્ષણના મુખ્ય પ્રવાહમાં સામેલ કરવામાં આવી રહ્યાં છે.

૬ થી ૧૪ વર્ષની વયજૂથના દરેક બાળકોને પ્રાથમિક શિક્ષના સાર્વત્રિકરણના ધ્યેય હેઠળ શાળામાં દાખલ કરાવી ગુણવત્તાવાળું શિક્ષણ પ્રાપ્ત કરવા પ્રેરે તેવું શિખવવાનું હોય છે. પરંતુ વિશિષ્ટ સંજોગોને કારણે બાળકો કેટલીક વખતે અધવચ્ચેથી શાળા છોડી દે છે અથવા તો શાળામાં દાખલ થતાં નથી. આવાં બાળકોને શિક્ષણના સામાન્ય પ્રવાહમાં સમાવી લેવા ખૂબ જ જરૂરી છે. જે બાળકો શાળા બહારના છે તેમના માટે તેમની વયકક્ષાને ધ્યાને લઈ એસએસએ માર્ગદર્શિકા અન્વયે તેમને જે તે ધોરણમાં દાખલ કરવાના થાય છે.

Right to Education Act - 2009ની જોગવાઈ મુજબ રાજ્યમાં ૬ થી ૧૪ વયજૂથના બાળકો વયકક્ષા મુજબની ક્ષમતા સિધ્ધ કરી શિક્ષણના સામાન્ય પ્રવાહમાં જોડાય તે માટે સ્પેશિયલ ટ્રેનીંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ છે.



## સ્પેશિયલ ટ્રેનીંગ પ્રોગ્રામ- બિન નિવાસી (૩ માસ - એપ્રિલથી જૂન)

૬ થી ૮ વયજૂથના બાળકો સામાન્ય શાળામાં પ્રવેશ મેળવે તે પહેલાં તેઓ શાળાના વાતાવરણથી પરિચિત થાય, શાળાનો ડર દૂર થાય તે હેતુથી શૈક્ષણિક રીતે સજ્જ કરવા માટે એપ્રિલથી જૂન-૧૦ ત્રણ મહિના માટે સ્પેશિયલ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં એક વર્ષથી ઓછા સમયથી ડ્રોપઆઉટ હોય તેવાં બાળકોનો પણ સમાવેશ કરવામાં આવે છે.

## સ્પેશિયલ ટ્રેનીંગ પ્રોગ્રામ- બિનનિવાસી (૧૦-૨૦ માસ)

૯ થી ૧૪ વયજૂથના કદી શાળાએ ન ગયેલ બાળકો સામાન્ય શાળામાં પ્રવેશ મેળવે તે પહેલાં તેઓ શાળાના વાતાવરણથી પરિચિત થાય, શાળાનો ડર દૂર થાય તે હેતુથી અને એક વર્ષથી વધુ સમયગાળાથી ડ્રોપઆઉટ હોય તેવા બાળકોને તેમની વયને અનુરૂપ ધોરણ માટે શૈક્ષણિક રીતે સજ્જ કરવા માટે તેમજ જીવન કૌશલ્યલક્ષી શિક્ષણ આપવા માટે જૂન-૧૧ થી માર્ચ-૧૨ સુધી સ્પેશિયલ ટ્રેનિગનું આયોજન કરેલ છે. જ્યારે ૧૨ થી ૧૪ વર્ષના કદી શાળાએ ન ગયેલા તેમજ બે વર્ષથી વધુ સમયથી ડ્રોપઆઉટ બાળકો માટે આ કાર્યક્રમ ૨૦ માસ સુધી ચલાવવામાં આવશે.

## સ્પેશિયલ ટ્રેનીંગ પ્રોગ્રામ- નિવાસી (રાજ્યના સ્થળાંતર કરતાં બાળકો માટે)

રાજ્યની અંદર રોજીરોટી માટે વાલીઓ સાથે સ્થળાંતર કરતાં ૬ થી ૧૪ વયજૂથનાં બાળકો માટે મૂળ ગામમાં જ સ્પેશિયલ ટ્રેનીંગ પ્રોગ્રામ(નિવાસી) કરવામાં આવશે. જેમાં બાળકોને શિક્ષણની સાથે રહેવા-જમવાની સુવિધા પૂરી પાડવામાં આવે છે. આ બાળકો માટે માઈગ્રેશન ફોર્મની માઈગ્રેશન મોનીટરીંગ સિસ્ટમમાં ઓનલાઈન એન્ટ્રી કરવાની રહેશે.

## અન્ય રાજ્યના સ્થળાંતર કરતાં પરિવારના ૬ થી ૧૪ વર્ષના બાળકો માટે ટેન્ટ સ્કુલ

અન્ય રાજ્યમાંથી સ્થળાંતર કરીને ગુજરાતમાં આવતાં બાળકો માટે જ્યાં વાલીઓ કામકાજના સ્થળે રોકાય છે ત્યાં જ ટેન્ટ સ્કૂલ દ્વારા શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવશે.

## માઈગ્રેશન મોનીટરીંગ સિસ્ટમ

રાજયની અંદર અને રાજય બહાર સ્થળાંતર કરીને આવતાં અને જતાં બાળકો માટે માઈગ્રેશન મોનીટરીંગ સોફ્ટવેર ઓનલાઈન તૈયાર કરેલ છે. આ સિસ્ટમ દ્વારા બાળકોનું ટ્રેકીંગ કરી તેમને સામાન્ય શાળામાં, એસટીપી વર્ગો કે સીઝનલ હોસ્ટેલ અને સપોર્ટ સ્કુલમાં જોડવા.

## શેલ્ટર હાઉસ

શહેરી વિસ્તારના વંચિત જૂથો (કચરો વીણતા, ભીખ માંગતા, મજૂરી કરતા, અનાથ અને અન્ય)ના બાળકો માટે શેલ્ટર હાઉસ શરૂ કરવામાં આવેલ છે.

પંચાયતીરાજના સભ્યોએ ગામ, વિસ્તારની શાળામાં પ્રવેશપાત્ર ૬ થી ૧૪ વર્ષના તમામબાળકોને તેમની વયકક્ષા અનુસાર શાળામાં પ્રવેશ કે પુનઃ પ્રવેશ આપવાના પ્રોજેક્ટમાં સ્ટાફ, શાળાના આચાર્ય, શિક્ષકોને મદદરૂપ થવું.

# ૯ મધ્યાહ્ન ભોજન યોજના

ગુજરાત રાજ્ય મધ્યાહ્ન ભોજન યોજનાનો આરંભ વર્ષ ૧૯૮૪ના નવેમ્બર માસથી કરવામાં આવેલ. આમ, પ્રાથમિક શાળાના બાળકોને મધ્યાહ્ન ભોજન આપનાર ગુજરાત રાજ્ય દેશમાં પ્રથમ છે. મધ્યાહ્ન ભોજન યોજનાના મુખ્ય હેતુઓ નીચે મુજબ ગણાવી શકાય.

**(૧) પ્રાથમિક શાળામાં ભણતા બાળકોને મધ્યાહ્ન ભોજન આપવું એ ગરીબી નિવારણ અંગેના રાજ્યના પ્રયત્નોમાં પૂરક બનશે.**

**(૨) આવી યોજનાના પરિણામે વિકાસશીલ વય જૂથના બાળકોનું પોષણ ધોરણ સારા એવા પ્રમાણમાં ઊંચુ આવે છે.**

**(૩) અધવચ્ચે શાળા છોડી જનારને રોકવા અને શાળાઓમાં સામાન્ય હાજરીમાં સુધારો કરવા ઉપરાંતમાં મધ્યાહ્ન ભોજન યોજના વધારે વિદ્યાર્થીઓને શાળામાં આકર્ષી શકશે.**

**(૪) આ યોજના સામાજિક અને રાષ્ટ્રીય એકતા સાધવાનું એક પગલું બની રહેશે.**



આ યોજનાનું અમલીકરણ સરકાર કક્ષાએ શિક્ષણ વિભાગ કરે છે. અને ખાતા વડા તરીકે કમિશ્નરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના છે. જિલ્લા કક્ષાએ આ યોજના ઉપર દેખરેખ, નિયંત્રણ અને અમલીકરણ માટે કલેક્ટર જવાબદાર છે. કલેક્ટરશ્રીના નિયંત્રણ હેઠળ નાયબ કલેક્ટર (મ.ભ.યો.) ફરજ બજાવે છે. તાલુકા કક્ષાએ આ યોજનાની અમલીકરણની જવાબદારી તાલુકા મામલતદારની છે અને પ્રાથમિક શાળામાં મધ્યાહ્ન ભોજન યોજનાની કામગીરી સંચાલકને સુપ્રત કરવામાં આવેલ છે.

પ્રાથમિક શાળામાં મધ્યાહ્ન ભોજન યોજનાના અમલીકરણમાં શાળાના મુખ્ય શિક્ષકની ફરજો અને કામગીરી સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક નં. મભય/૧૩૯૨-૨૨૧/ય તા. ૨૫/૧/૧૯૯૪ તેમજ સરકારના શિક્ષણ વિભાગના પરિપત્ર ક્રમાંક નં. મભય-૧૦૨૦૦૯-૮૨૬-આર તા. ૨૫/૮/૨૦૦૯માં નક્કી કરવામાં આવે છે.

બાળકોને યોગ્ય માત્રામાં પૌષ્ટિક ખોરાક મળી રહે તે માટે શાળાના શિક્ષકો મહત્ત્વનો ભાગ ભજવી શકે. પ્રાથમિક શાળામાં મધ્યાહ્ન ભોજન યોજનાના અસરકારક અમલીકરણ માટે શિક્ષકની ભૂમિકા ચાવીરૂપ છે. આ પવિત્ર કાર્યમાં શિક્ષક બાળકોને યોગ્ય સમયે અને યોગ્ય માત્રામાં ભોજન આપવામાં અગત્યની ફરજ બજાવી શકે છે અને એક ઉમદા કામગીરી કર્યા અંગેનો અહેસાસ અનુભવી શકે છે. શાળામાં મધ્યાહન ભોજન દરમ્યાન મુખ્ય શિક્ષક તેમજ શિક્ષક બાળકોને માટે બનાવેલ ભોજનમાં ફોર્ટીફાઈડ આટા, ચોખા, દાળ, તેલ તેમજ મસાલા ગુણવત્તાવાળા છે કે નહીં તેની ખાત્રી કરે અને મધ્યાહ્ન ભોજન યોજનાની વસ્તુઓની જાળવણી બરાબર થાય તેની ખાત્રી રાખવી જોઈએ.

વિશેષમાં, સંચાલક, રસોયા અને મદદનીશ તેમની મધ્યાહ્ન ભોજન યોજનામાં ફરજો નિયમિત બજાવે અને બાળકો માટે નિયમિત ગરમ રસોઈ બનાવીને પીરસવામાં આવે તે પણ શાળાના મુખ્ય શિક્ષકે જોવાનું રહે છે. ભોજનમાં ભાગ લેનાર બાળકોની દરરોજ અંદાજિત સંખ્યા શિક્ષકોએ મેળવીને સંચાલકને આપવી જોઈએ જેથી જરૂરિયાત પ્રમાણે રસોઈ બનાવી શકાય અને બાળકોને યોગ્ય માત્રામાં ભોજન મળી રહે અને અનાજ કે અન્ય વસ્તુઓનો બગાડ અટકાવી શકાય. શાળાના બાળકો લાઈનમાં શિસ્તબધ્ધ ભોજન મેળવે, સ્વચ્છતા પૂર્વક હાથ ધોવે અને બાળકોમાં જ્ઞાતિ, જાતિ અને ઉચ્ચનીચના ભેદભાવ વિના ભોજનમાં ભાગ લઈને પરસ્પર ભાઈચારો અને સદ્ભાવના કેળવાય તે માટે શાળાના શિક્ષકોએ અને PRI સભ્યોએ પ્રયાસ કરવાનો રહે છે.

ઉપરાંતમાં, રાજ્ય સરકારે પ્રાથમિક શાળાના બાળકોને પ્રાયમરી તેમજ અપર પ્રાયમરીમાં અનાજમાં ફો.ફા.આટો, ચોખા, દાળ, તેલ, શાકભાજી કેટલા પ્રમાણમાં આપવા પાત્ર છે. તે બોર્ડ શાળામાં કોઈપણ મુલાકાતે આવનાર જોઈ શકે તે રીતે દિવાલ ઉપર કલરમાં લખાવવાનો હોય છે. આ માટે રાજ્ય સરકારે દરેક શાળા માટે રૂ. ૨૦૦/૦ની રકમફાળવેલ છે. શાળામાં ભોજનમાં મળવાપાત્ર જથ્થાની વિગતો સાથે દરરોજ મેનુ પણ લખવાનું છે. આમ, શાળાના મુખ્ય શિક્ષક તેમજ શિક્ષકોએ મધ્યાહ્ન ભોજન યોજનામાં અગત્યનો ભાગ ભજવવાનો છે.

શાળામાં દરરોજ બાળકોને ભોજન આપતા પહેલા આ ભોજનની ગુણવત્તા અને પ્રમાણ શાળા મુખ્ય શિક્ષકે તપાસવાની વ્યવસ્થા કરવાની હોય છે. જ્યારે દરરોજ એક શિક્ષકે બાળકોને ભોજન આપતા પહેલા ભોજનનો ટેસ્ટ કરવાનો રહે છે. અને રસોડાની, વાસણોની તેમજ બાળકોની સ્વચ્છતાની ખાત્રી કરવાની હોય છે.

ગ્રામપંચાયતના સભ્યો પણ ગામના બાળકોને ગુણવત્તાયુક્ત મધ્યાહ્ન ભોજન મળી રહે તે માટે શાળાની મુલાકાત લઈ, માહિતી અને માર્ગદર્શન આપવું ખૂબજ જરૂરી છે.

# ૧૦ વંચિત જૂથનાં બાળકોનું શિક્ષણ

સર્વ શિક્ષા અભિયાનનાં મુખ્ય ધ્યેયો - નામાંકન, સ્થાયીકરણ અને ગુણવત્તામાં લક્ષિત પરિણામ મેળવવા પ્રોજેક્ટમાં કામગીરી કરવામાં આવે છે. ટ્રાયબલ એજ્યુકેશન દ્વારા આદિવાસી બાળકોમાં જ્ઞાન, સમજ, રજૂઆત, કૌશલ્યોની સિધ્ધિઓ પ્રાપ્ત કરી આત્મવિશ્વાસ કેળવવો જરૂરી છે. તેમજ શિક્ષકો દ્વારા શાળામાં બાળકોને આ માટે શિક્ષણ આપવામાં આવે છે. શિક્ષકો અને બાળકો સ્થાનિક પર્યાવરણમાંથી મળતી ચીજવસ્તુઓનો શિક્ષણ કાર્યમાં ઉપયોગ કરવા તાલીમમાં માર્ગદર્શન આપવામાં આવે છે. બધાજ બાળકોને શાળામાં પ્રવેશ અપાવવો. શાળામાં પ્રવેશ અપાવ્યા પછી તેઓને શાળામાં નિયતમિત મોકલવા અનિયમિત બાળકોના વાલી સાથે કાઉન્સેલીંગ કરવું. વાલીને શિક્ષણથી થતા ફાયદા-લાભની જાણકારી આપવી. સરકારની યોજનાઓ જેવી કે, ગણવેશ, પાઠ્યપુસ્તકો, શિષ્યવૃત્તિ, મધ્યાહ્ન ભોજન યોજનાથી વાલીઓને વાકેફ કરવા.

બાળક શાળામાં નિયમિત આવશે તો જ આગળ ભણી શકશે. એક સારો નાગરિક તૈયાર કરી શકાશે. બાળકનો શિક્ષણ મેળવવાનો અધિકાર હોવાથી તેને તેનાથી વંચિત રાખવો હિતાવહ નથી.

PRIના સભ્યોએ ગામના બધાજ બાળકોને શાળામાં પ્રવેશ અપાવવો અને ગુણવત્તાલક્ષી શિક્ષણ મેળવવા દરરોજ નિયમત શાળામાં મોકલવા વાલીઓને જણાવવું જરૂરી છે. શાળા વ્યવસ્થાપન સમિતિ અને પંચાયતીરાજના સભ્યો દ્વારા ગામને નેતૃત્વ પૂરું પાડવામાં આવે.



# પરિશિષ્ટ

## શબ્દોની જાણકારી

- **ઈસીસીઈ વર્કર/કેન્દ્ર સંચાલક :** સર્વ શિક્ષા અભિયાન દ્વારા ૨.૫ થી ૫ વર્ષના બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણ પૂરું પાડવા ચાલતા અર્લી ચાઈલ્ડ હુડ કેર એન્ડ એજ્યુકેશન ચાલે છે. જેના સંચાલક બહેનોને ઈસીસીઈ વર્કર અથવા કેન્દ્ર સંચાલિકા કહેવાય.

- **શાળા ગ્રાન્ટ :** સરકારી પ્રાથમિક શાળાઓને પોતાની શાળામાં શિક્ષણ અને શિક્ષણ સાથે સંકળાયેલ આનુસાંગિક બાબતો કે જેને આધારે શિક્ષણમાં વધુ સુધાર લાવી શકાય તે માટે ઉપયોગમાં લેવા માટે દર વર્ષે રૂ. ૫,૦૦૦/- શાળાદીઠ ફાળવવામાં આવતી ગ્રાન્ટ.

- **શિક્ષક ગ્રાન્ટ :** સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો બાળકોને વધુ સરળતાથી અભ્યાસ કરાવી શકે તે માટે સહાયરૂપ થઈ શકે તેવા ટીચીંગ લર્નીંગ મટીરીયલ્સ તૈયાર કરવા માટે શિક્ષક દીઠ દર વર્ષે રૂ. ૫૦૦/- ફાળવવામાં આવતી ગ્રાન્ટ.

- **શાળા રીપેરીંગ ગ્રાન્ટ :** સરકારી પ્રાથમિક શાળાઓ પૈકી ધોરણ ૧ થી ૫ વાળી શાળાઓને દર વર્ષે રૂ. ૭૫૦૦/- અને ધોરણ ૬ થી ૮ વાળી શાળાઓને દર વર્ષે રૂ. ૧૫૦૦૦/- શાળાના રીપેરીંગ કામમાટે ફાળવવામાં આવતી ગ્રાન્ટ.

- **વિદ્યાલક્ષ્મી બોન્ડ :** ઓછો સાક્ષરતા દર ધરાવતા ગામોની સરકારી પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી પ્રવેશ મેળવતી બાળાઓને ગુજરાત સરકાર તરફથી પોતાનું પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરે તે આશયથી રૂ. ૧,૦૦૦/- ના આપવામાં આવતા બોન્ડ.

- **મિનિટ્સ :** કોઈપણ પ્રકારની મીટીંગ સંદર્ભે મીટીંગમાં થયેલ ચર્ચાઓની વિગતવાર વ્યવસ્થિત રીતે કરવામાં આવતી નોંધ.

- **ઠરાવ :** કોઈપણ પ્રકારની માન્ય સંસ્થા દ્વારા તેમના કાર્યક્ષેત્ર સંબંધિત નિયમોને આધીન રહી અગત્યના નિર્ણય કરવા માટે તમામ સભ્યોની સંમતિથી મંજૂર કરવામાં આવતી બાબતની નોંધ.

- **એજન્ડા :** કોઈપણ મીટીંગ ચર્ચવામાં આવનારા મુદ્દા.

- **ડ્રોપઆઉટ :** શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પૈકી કોઈ વિદ્યાર્થી પોતાનો અભ્યાસ અધવચ્ચે છોડી જતો રહે તે.

- **વિકલાંગતા :** વ્યક્તિ કોઈપણ જાતની શારીરિક કે માનસિક ક્ષતિ ધરાવતી હોય કે જે સ્વતંત્ર રીતે પોતાના રોજીંદા કાર્ય કરવામાં અક્ષમતા કે મુશ્કેલી અનુભવતી હોય એટલે વિકલાંગતા. વિકલાંગતામાં શારીરિક ખોડખાંપણ, સાંભળવાની અક્ષમતા, દૃષ્ટિદોષ, માનસિક મંદતા તેમજ માનસિક રોગથી પીડાતા બાળકો પુખ્ત વય કે વૃધ્ધ વયની વ્યક્તિઓ આવે છે. આમ ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં રહેતી વિકલાંગ વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

- **મધ્યાહ્‌ન ભોજન યોજના :** શાળામાં અભ્યાસ કરતાં બાળકો માટે બપોરના સમયે ગરમ બનાવેલ ભોજન જમવા આપવા માટેની યોજના.

- **પ્રવેશોત્સવ :** શાળામાં બાળકોના પ્રવેશ માટેનો જૂન માસમાં યોજવામાં આવતો ઉત્સવ.

- **સર્વે :** કોઈ ચોક્કસ બાબતોને ધ્યાને રાખી તે માટેની તમામ પ્રકારની નિશ્ચિત ક્ષેત્રોમાંથી માહિતી મેળવવા માટેની કામગીરી.

- **એસ.ટી.પી. વર્ગ :** ૬ થી ૧૪ વર્ષના શાળા પ્રવેશથી વંચિત, અધવચ્ચે, શાળા છોડી જનાર તથા ઉપલા ધોરણમાં ન જઈ શકનાર બાળકોને સામાન્ય શાળામાં નામાંકિત કરી વય કક્ષા મુજબની શૈક્ષણિક ક્ષમતા સિધ્ધ કરી શિક્ષણના સામાન્ય પ્રવાહમાં જોડી દેવા માટેની તેમજ બાળક પ્રારંભિક શિક્ષા પૂર્ણ કરે તે માટેની વ્યવસ્થા.

- **મેઈનસ્ટ્રીમ:** સ્પેશિયલ ટ્રેનિંગ અંતર્ગત બાળકની વય કક્ષા મુજબની ક્ષમતા સિધ્ધ થયે મૂલ્યાંકનના આધારે સામાન્ય શાળામાં સમવયસ્કો સાથે શિક્ષણના સામાન્ય પ્રવાહમાં જોડી દેવાની પ્રક્રિયા.

- **બાળમિત્ર :** સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામઅંતર્ગત બાળકોને વય કક્ષા મુજબની શૈક્ષણિક સજ્જતા સિધ્ધ કરાવવા અમુક સમય મર્યાદા સુધીના સભ્યો દ્વારા નિમણૂક અપાયેલ પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ કાર્ય કરતો સ્થાનિક વ્યક્તિ.

# રાજ્ય - જિલ્લા એસએસએ કચેરીનું માળખું

## સર્વ શિક્ષા અભિયાન
## રાજ્ય સ્તરની કચેરીનું વ્યવસ્થાપન તંત્ર

રાજ્ય એસએસએ

↓

ગવર્નીંગ બૉડી

↓

ઍક્ઝીક્યુટીવ કમિટિ

↓

સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર

- એએસપીડી
  - અધ્યાપનવિદ્યા
  - ટીચર ટ્રેનિંગ
  - જેન્ડર એજ્યુકેશન
  - વૈકલ્પિક શિક્ષણ
  - આદિજાતિ શિક્ષણ
  - વિકલાંગ બાળકોનું શિક્ષણ
  - ઈસીસીઈ
- સેક્રેટરી વહીવટ ઓએસ
- ફાયનાન્સ એન્ડ એકાઉન્ટ્સ
- બાંધકામ
- મિડીયા
- એમઆઈએસ
- પ્લાનિંગ એન્ડ મેનેજમેન્ટ

નોંધઃ રાજ્ય કક્ષાએ રાજ્યસ્તરની વહીવટી કામગીરી અર્થે

# પરિષદના રાજ્ય, સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી, જિલ્લો, બ્લૉક વગેરે સ્તરોએ સંસ્થાગત માળખાનો આલેખ

## રાજ્ય સ્તરના વ્યવસ્થાપન તંત્રની વિવિધ સમિતિઓ

પરિયોજના (એસએસએ) માટે રાજ્ય સ્તરની નોંધાયેલી સંસ્થા

### ગવર્નીંગ બૉડી

- અમલીકરણને લગતી સમીક્ષા
- વાર્ષિક અહેવાલ અને ઑડિટ રિપોર્ટ્સ અંગે ચર્ચા વિચારણા
- નિયમો સુધારવા

### ઍક્ઝીક્યુટીવ કમિટિ

- પરિયોજનાઓના અમલીકરણ અંગેની જવાબદારી વહન કરવી
- નાણાંકીય અને સેવા વિષયક નિયમો ઘડવા
- અનુબંધો (કોન્ટ્રાક્ટ્સ) કરવાની સત્તા

### સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર

- પરિષદના મુખ્ય કારોબારી અધિકારી
- પરિયોજનાના અમલીકરણ અને વહીવટ
- શિક્ષણ વિભાગ અને અન્ય ખાતાઓ સાથે સંકલન

### રાજ્ય સ્તરની કચેરી

એસપીડી
એએસપીડી
સેક્રેટરી, એફ એન્ડ એઓ,
વિવિધ કાર્યઘટકો સંભાળતા અધિકારીઓ

### તાંત્રિક સલાહકાર જૂથ


જીસીઈઆરટી
મહિલા સામખ્ય
પાઠ્ય પુસ્તક મંડળ

- કાર્યક્રમોને આધારરૂપ ભૂમિકા પૂરી પાડવી
- તાંત્રિક સહાયતા
- સમીક્ષા અને સંશોધન

નોંધઃ રાજ્ય કક્ષાએ નિતિવિષયક નિર્ણયો લેવા અને અમલીકરણ માટેની વ્યવવસ્થાનું કાર્ય કરવા.

# સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત જિલ્લા સ્તરની કચેરીનું વ્યવસ્થાપન તંત્ર

સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત જિલ્લા સ્તરની કચેરીનું વ્યવસ્થાપન તંત્ર



# જિલ્લા વ્યવસ્થાપનતંત્રની વિવિધ સમિતિ / જૂથ

એસએસએના અમલીકરણ અને મોનીટરીંગ માટેની જિલ્લા સ્તરની સમિતિ

↓

જિલ્લાની એક્ઝીક્યુટીવ કમિટિ

↓

- જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર (હોદ્દાની રૂએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી)
- હિસાબી અધિકારી, કાર્યઘટકોના અધિકારીઓ

↓

બીઆરજી → બીઆરસી

↓

સીઆરજી → સીઆરસી

↓

એસએમસી → શાળા

- નિતિવિષયક નિર્ણય
- અમલીકરણ અંગેની સમીક્ષા
- પરિયોજના અમલીકરણની જવાબદારી વહન કરવી.

- પ્રોજેક્ટના સર્વગ્રાહી અમલીકરણ અને નિરીક્ષણ
- શિક્ષણ વિભાગ સાથે સંકલન

# પરિપત્રોનું સંકલન

## શૈક્ષણિક વર્ષ દરમ્યાન પ્રાથમિક શાળામાં શૈક્ષણિક કાર્ય માટેનો સમય નક્કી કરવા બાબત

**ગુજરાત સરકાર**
**શિક્ષણ વિભાગ**
ઠરાવ ક્રમાંક : પીઆરઈ-૧૧૨૦૧૧-૧૪૯-ક,
સચિવાલય, ગાંધીનગર.
**તા. ૧૮/૦૨/૨૦૧૧**

**વંચાણે લીધા :**

(૧) "ધી રાઈટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯"

(૨) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : GH/SH/6 NO: પીઆરઈ/૧૨૦૧૦/૫/કે તા. ૧/૪/૨૦૧૦

**પ્રસ્તાવના :**

ભારત સરકાર દ્વારા ૬ થી ૧૪ વર્ષના તમામબાળકો મફત અને ફરજીયાત શિક્ષણ પુરૂ પાડવા માટે આમુખ (૧) માં દર્શાવેલ કાયદો પસાર કરેલ છે. જે તા.૧/૪/૨૦૧૦ સમગ્ર દેશમાં કરવામાં આવી રહેલ છે. ભારત સરકાર દ્વારા બાળકોને ગુણવત્તા સભર શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે શૈક્ષણિક કાર્ય અને શિક્ષકોના કામના કલાકો માટે જોગવાઈ કરેલ છે. જેના અમલ કરવાની બાબત ગુજરાત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. સરકાર દ્વારા પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :**

(૧) શૈક્ષણિક વર્ષ દરમ્યાન પ્રાથમિક વિભાગ માટે એટલે કે ધોરણ-૧ થી ૫ માટે કામકાજના ૨૦૦ (બસો) દિવસ અને વર્ષ દીઠ ઓછામાં ઓછા ૮૦૦ કલાક શૈક્ષણિક કામગીરી કરવાની રહેશે.

(૨) શૈક્ષણિક વર્ષ દરમ્યાન ઉચ્ચતર પ્રાથમિક વિભાગ માટે એટલે કે ધોરણ-૬ થી ૮ ના વર્ગો માટે કામકાજના ૨૨૦ (બસો વીસ) દિવસો નક્કી કરવામાં આવેલ છે અને વર્ષ દરમ્યાન ઓછામાં ઓછા ૧૦૦૦ કલાકનું શૈક્ષણિક કાર્ય કરવાનું રહેશે.

(૩) પ્રાથમિક શાળામાં તૈયારી માટે તથા અન્ય આનુષાંગિક કામગીરી સહિતના શિક્ષક દીઠ અઠવાડિયાના ૪૫ (પિસ્તાળીસ) કલાકની કામગીરી કરવાની રહેશે. એટલે કે દિવસની શાળાઓમાં સોમથી શુક્ર દરમ્યાન દરરોજ આઠ કલાકની કામગીરી કરવાની રહેશે. શનિવારે પાંચ કલાકની કામગીરી કરવાની રહેશે.

(૪) પ્રાથમિક શાળાના ધોરણ-૧ થી ધોરણ-૫ ના શિક્ષકોએ પ્રાથમિક વિભાગમાં દરરોજ ઓછામાં ઓછા ૪ (ચાર) કલાક અને ઉચ્ચતર પ્રાથમિક વિભાગ ધોરણ-૬ થી ધોરણ-૮ ના શિક્ષકોએ પાંચ કલાકનું વર્ગકાર્ય કરવાનું રહેશે.

(૫) અનુક્રમ(૪) માં દર્શાવ્યા મુજબના વર્ગકાર્ય કર્યા પછી બાકીનો સમય વર્ગ શિક્ષણની તૈયારી, બાળકોની સ્વાધ્યાયપોથી, પ્રયોગપોથી વગેરેની ચકાસણી આગામી દિવસ કે આગળના પ્રકરણોના શિક્ષણ માટેની તૈયારી માટે ઉપયોગ કરવાનો રહેશે. આ સમય દરમ્યાનમાં શિક્ષકે શાળામાં હાજર રહેવાનું રહેશે એટલે કે શાળા છોડીને જઈ શકશે નહિ.

આ ઠરાવ તમામ પ્રાથમિક શાળાઓ એટલે કે સરકારી શાળા, જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત, નગર શિક્ષણ સમિતિ સંચાલિત, અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળા, બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળા, સી.બી.એસ.સી. કે આઈ.સી.એસ.આઈ. અથવા અન્ય કોઈ પણ બોર્ડ સાથે સંકળાયેલ કોઈપણ માધ્યમની તમામ પ્રાથમિક શાળાઓને લાગુ પડશે. અને તેનો અમલ તમામશિક્ષકો/આચાર્યો અને સંચાલકે કરવાનો રહેશે.

આ ઠરાવનો અમલ શરૂ થતા શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨ થી એટલે કે જુન-૨૦૧૧ થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષથી કરવાનો રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી -

**(એસ.બી. ગરાસિયા)**

**નાયબ સચિવ (પ્રાથમિક શિક્ષણ)**

શિક્ષણ વિભાગ

ગુજરાત સરકાર.

**પ્રતિ,**

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ માન. મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (પ્રાથમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામવિભાગો, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

# પ્રાથમિક શાળાઓને કેપીટેશન ફી લેવા પ્રતિબંધ મૂકવા બાબત

**ગુજરાત સરકાર**

**શિક્ષણ વિભાગ**

ઠરાવ ક્રમાંક: પીઆરઈ-૧૧૨૦૧૧-૧૪૯-ક,

સચિવાલય, ગાંધીનગર.

**તા. ૧૮/૦૨/૨૦૧૧**

**વંચાણે લીધા:-**

(૧) "ધી રાઈટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ કલમ-૧૩(૧) અને કલમ-૩૮"

(૨) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક: GH/SH/6
NO: પીઆરઈ/૧૨૦૧૦/૫/કે તા. ૧/૪/૨૦૧૦

**પ્રસ્તાવના:**

ભારત સરકાર દ્વારા ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકો મફત અને ફરજીયાત શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે સંસદમાં "ધી રાઈટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ પસાર કરીને તમામબાળકોને મૂળભૂત બંધારણીય અધિકાર આપેલ છે. આ કાયદાની કલમ-૧૩(૧) માં નીચે મુજબ જોગવાઈ છે.

"કોઈપણ શાળા અથવા વ્યક્તિ શાળામાં બાળકને દાખલ કરતી વખતે કોઈપણ પ્રકારની Capitation Fee વસુલ કરશે નહિ અને શાળામાં પ્રવેશ માટે બાળક અથવા તેના માતા-પિતા/વાલીને તપાસ કે ઈન્ટરવ્યુમાંથી પસાર કરશે નહિ."

આ કલમની જોગવાઈઓનો ઠરાવ કરી તેનો અમલ કરવા તમામ પ્રાથમિક શાળાઓને જાણ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

ભારત સરકાર દ્વારા આમુખ (૧) માં દર્શાવેલ ધી રાઈટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એક્ટ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ ની કલમ૧૩(૧) અને કલમ-૩૮ ની જોગવાઈઓથી મળેલ સત્તા અન્વયે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

(૧) તમામ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે ત્યારે પ્રવેશ વખતે કોઈપણ પ્રકારની કેપીટેશન ફી/સીક્યોરીટી ડીપોઝીટ, કોઈપણ પ્રકારનું દાન, શાળા દ્વારા અધિસૂચિત કરવામાં આવેલ ફી સિવાયની ફી કે રકમવિદ્યાર્થી કે તેના વાલી પાસેથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે લઈ શકાશે નહિ. એટલે કે શાળા દ્વારા પ્રતિવર્ષ જુદા જુદા હેતુઓ માટે જે ફી લેવામાં આવે છે તે લઈ શકશે પરંતુ શાળામાં દાખલ કરતી વખતે એક જ વખત લેવામાં આવતી કોઈપણ પ્રકારની ફી કે એડવાન્સ જે મૂડી પ્રકારની (Capital Nature) ની હોય તે લઈ શકશે નહિ.

(૨) આ ઠરાવની શરત નં.૧ માં દર્શાવેલ જોગવાઈઓનું ઉલ્લંઘન કોઈપણ શાળા દ્વારા કરાતું સાબિત થશે તો તેમને તેમણે જેટલી કેપીટેશન ફી પ્રવેશ વખતે લીધાનું જણાશે તેનાથી દશ ગણો દંડ સક્ષમ અધિકારી દ્વારા કરવામાં આવશે.

(૩) આ ઠરાવનો અમલ તમામશાળાઓ એટલે કે સરકારી શાળા, જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત, નગર શિક્ષણ સમિતિ

સંચાલિત, અનુદાનિત પ્રાથમિક શાળા, બિન અનુદાનિત પ્રાથમિક શાળા, સી.બી.એસ.સી. કે આઈ.સી.એસ.આઈ. અથવા અન્ય કોઈ પણ બોર્ડ સાથે સંકળાયેલ કોઈપણ માધ્યમની તમામ પ્રાથમિક શાળાઓએ તથા તેના સંચાલક મંડળે ચુસ્ત રીતે કરવાનો રહેશે.

(૪) રાજ્યના તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ તથા જિલ્લા શિક્ષણાધિકારીઓ દ્વારા તેમના કાર્યક્ષેત્રમાં ઉપર્યુક્ત જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરાવવાનું રહેશે.

આ ઠરાવનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨ ના પ્રવેશથી કરવાનો રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી -

**(એસ.બી. ગરાસિયા)**

**નાયબ સચિવ (પ્રાથમિક શિક્ષણ)**

શિક્ષણ વિભાગ

ગુજરાત સરકાર.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (પ્રાથમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ. નિયામકશ્રી
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, પ્રાથમિક શિક્ષણ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી શિક્ષણાધિકારીશ્રીઓ મારફત

# પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ વખતે કસોટી/તપાસ ઉપર પ્રતિબંધ

**ગુજરાત સરકાર**
**શિક્ષણ વિભાગ**
ઠરાવ ક્રમાંક : પીઆરઈ-૧૧૨૦૧૧-૧૪૯-ક,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૮/૦૨/૨૦૧૧

**વંચાણે લીધા :-**

(૧) "ધી રાઈટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯" કલમ-૧૩(૧) અને કલમ-૩૮"

(૨) "ધી ગુજરાત એજ્યુકેશન લો (એમેન્ડમેન્ટ) બીલ-૨૦૧૦"

(૩) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : GH/SH/6 NO: પીઆરઈ/૧૨૦૧૦/૫/કે તા. ૧/૪/૨૦૧૦

**પ્રસ્તાવના :**

ભારત સરકાર દ્વારા ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકો મફત અને ફરજીયાત શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે સંસદમાં "ધી રાઈટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯" પસાર કરીને તમામ બાળકોને મૂળભૂત બંધારણીય અધિકાર આપેલ છે. આ કાયદાની કલમ-૧૩(૧) માં નીચે મુજબ જોગવાઈ છે.

"કોઈપણ શાળા અથવા વ્યક્તિ શાળામાં બાળકને દાખલ કરતી વખતે કોઈપણ પ્રકારની Capitation Fee વસુલ કરશે નહિ અને શાળામાં પ્રવેશ માટે બાળક અથવા તેના માતા-પિતા/વાલીને તપાસ કે ઈન્ટરવ્યુમાંથી પસાર કરશે નહિ."

આ કલમની જોગવાઈઓનો ઠરાવ કરી તેનો અમલ કરવા તમામપ્રાથમિક શાળાઓને જાણ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

ભારત સરકાર દ્વારા આમુખ (૧) માં દર્શાવેલ "The Right of Children to free and Compulsory Education Act 2009" ની કલમ૧૩(૧) અને કલમ-૩૮ ની જોગવાઈઓથી મળેલ સત્તા અન્વયે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

(૧) પ્રાથમિક શાળાઓમાં શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓ અને અથવા તેના માતા-પિતા/વાલીઓની કસોટી/તપાસ કરવામાં આવે છે અથવા વિદ્યાર્થીને કે તેના વાલીઓના ઈન્ટરવ્યુ લઈને પ્રવેશ આપવામાં આવે છે. જે ઉપર્યુક્ત ધારાની જોગવાઈઓ વિરૂદ્ધ હોવાથી પ્રાથમિક શાળામાં પ્રવેશ વખતે જે કસોટી, તપાસ અથવા ઈન્ટરવ્યુ લેવાની પદ્ધતિ છે તેના પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવે છે એટલે કે વિદ્યાર્થીઓ/વાલીઓની કસોટી તપાસ કે ઈન્ટરવ્યુ લઈ શકાશે નહિ.

(૨) પ્રાથમિક શાળામાં પ્રવેશ વખતે શાળાઓ દ્વારા પારદર્શક અને સુઘડ (Fair) પ્રક્રિયા અપનાવવાની રહેશે. આ પારદર્શક પ્રક્રિયામાં શાળા પ્રવેશ માટે આપેલ અરજીઓ પૈકી વહેલા તે પહેલાના ધોરણે નક્કી કરી શકાય અથવા ડ્રો કરીને પણ પ્રવેશ આપી શકાશે.

(૩) પ્રવેશ આપવા માટે અમુક શાળાઓએ પ્રવેશ માટે નક્કી કરેલા ફોર્મ આપવાની પ્રથા રાખે છે. આ ઠરાવથી સ્પષ્ટ કરવામાં આવે છે કે પ્રવેશ ફોર્મ આપવામાં કોઈપણ પ્રકારનો ઈન્કાર કે અવરોધ પણ આ કલમનો ભંગ ગણાશે. દરેક શાળાએ પ્રવેશ ફોર્મ જે માતા-પિતા/વાલી ઈચ્છે તેને ફરજીયાત કોઈપણ પ્રકારની પૂછપરછ વગર આપવાનો રહેશે અને ભરેલા ફોર્મસ સ્વીકારવાના રહેશે. શાળા પ્રવેશ આપવા પાત્ર સીટો પૈકી ચોક્કસ સંખ્યા/ટકામાં સીટો જુદી જુદી કેટેગરી માટે અનામત રાખી શકાશે. "The Right of Children to free and Complusory Education Act 2009" ની જોગવાઈ મુજબ નબળા અને વંચિત વર્ગના વિદ્યાર્થીઓ માટે પ્રવેશ આપવાપાત્ર જગ્યાઓના ૨૫ ટકા જગાઓમાં પ્રવેશ આપવાનો રહેશે. પરંતુ પ્રવેશ વખતે કેટલી સીટો અનામત રાખી છે તેમજ દરેક કેટેગરીમાં પ્રવેશ કઈ પ્રક્રિયા મુજબ આપવામાં આવશે તે જાહેરાતમાં જણાવવાનું રહેશે.

(૪) શાળા દ્વારા ઉપર જણાવેલ જોગવાઈનું ઉલ્લંઘન કરવાનું માલૂમપડશે (સાબિત થશે) તો તેવી શાળા સામે પ્રથમ વખતના ઉલ્લંઘન માટે રૂ. ૨૫,૦૦૦/- સુધી અને તે પછીના પ્રત્યેક ઉલ્લંઘનના પ્રસંગે રૂ.૫૦,૦૦૦/- જેટલો દંડ કરવામાં આવશે.

(૫) આ ઠરાવનો અમલ તમામ શાળાઓ એટલે કે સરકારી શાળા, જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત, નગર શિક્ષણ સમિતિ સંચાલિત, અનુદાનિત પ્રાથમિક શાળા, બિન અનુદાનિત પ્રાથમિક શાળા, સી.બી.એસ.સી. કે આઈ.સી.એસ.આઈ. અથવા અન્ય કોઈ પણ બોર્ડ સાથે સંકળાયેલ કોઈપણ માધ્યમની તમામ પ્રાથમિક શાળાઓ તથા તેના સંચાલક મંડળે ચુસ્ત રીતે કરવાનો રહેશે.

(૬) આ ઠરાવનો અમલ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨ એટલે કે જુન ૨૦૧૧ થી શરૂ થતાં નવા શૈક્ષણિક વર્ષ માટેના પ્રવેશથી કરવાનો રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી -

**(એસ.બી. ગરાસિયા)**

**નાયબ સચિવ (પ્રાથમિક શિક્ષણ)**

શિક્ષણ વિભાગ

ગુજરાત સરકાર.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (પ્રાથમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામવિભાગો, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

# પ્રાથમિક શાળાઓમાં બાળકોને એક જ ધોરણમાં રોકી રાખવા અથવા શાળામાંથી કાઢી મૂકવા ઉપર પ્રતિબંધ

**ગુજરાત સરકાર**
**શિક્ષણ વિભાગ**
ઠરાવ ક્રમાંક : પીઆરઈ-૧૧૨૦૧૧-૧૪૯-ક,
સચિવાલય, ગાંધીનગર.
**તા. ૧૮/૦૨/૨૦૧૧**

**વંચાણે લીધા :-**

(૧) "ધી રાઈટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯" કલમ-૧૬ અને કલમ-૩૮

(૨) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : GH/SH/6 NO: પીઆરઈ/૧૨૦૧૦/૫/કે તા. ૧/૪/૨૦૧૦

**પ્રસ્તાવના :**

ભારત સરકાર દ્વારા ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકો મફત અને ફરજીયાત શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે સંસદમાં "ધી રાઈટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯" પસાર કરીને તમામ બાળકોને મૂળભૂત બંધારણીય અધિકાર આપેલ છે. સમગ્ર દેશમાં આ ધારાનો અમલ શરૂ થયેલ છે. આ કાયદાની કલમ-૧૬ માં નીચે પ્રમાણે જોગવાઈ છે.

"શાળામાં દાખલ કરેલ કોઈ પણ બાળકને પ્રારંભિક શિક્ષણ પુરું થતાં સુધીમાં કોઈપણ ધોરણમાં રોકી શકાશે (Hold Back) અથવા કાઢી મૂકી શકાશે નહિ."

**ઠરાવ :**

ભારત સરકાર દ્વારા આમુખ માં દર્શાવેલ "The Right of Children to free and Compulsory Education Act 2009" ની કલમ૧૬ અને કલમ-૩૮ ની જોગવાઈ મુજબ "પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં કોઈપણ બાળકો કોઈપણ ધોરણમાં પરીક્ષા લઈને રોકી રાખવા અથવા શાળામાંથી કાઢી મૂકવા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવવામાં આવે છે." આનો હેતુ પરીક્ષા ઉપર પ્રતિબંધ મૂકવાનો નથી. પરંતુ કસોટીના પરિણામે બાળકને નાપાસ કે પાસ કે શાળામાંથી કાઢી મૂકવા પર પ્રતિબંધ મૂકવામાં આવેલ છે.

પ્રાથમિક શાળાના બાળકોનો ટેસ્ટ/કસોટીનો હેતુ બાળક શાળામાંથી કેટલું શીખ્યો છે તે જાણવા અને તેના પર શાળાએ અથવા શિક્ષકે વધુ પ્રયાસો કરવાની જરૂર છે કે કેમ તે જાણવાનો છે. તેથી પ્રાથમિક શાળાઓમાં, વિદ્યાર્થીઓનું સતત સર્વગ્રાહી મૂલ્યાંકન શાળા/શિક્ષકો દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન કરવાનું રહેશે.

આ ઠરાવનો અમલ તમામ શાળાઓ એટલે કે સરકારી શાળા, જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત, નગર શિક્ષણ સમિતિ સંચાલિત, અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળા, બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળા, સી.બી.એસ.સી.કે આઈ.સી.એસ.આઈ. અથવા અન્ય કોઈ પણ બોર્ડ સાથે સંકળાયેલ અને કોઈપણ માધ્યમની તમામ પ્રાથમિક શાળાઓએ તથા તેના સંચાલક મંડળે ચુસ્ત રીતે કરવાનો રહેશે.

આ ઠરાવનો અમલ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨ થી એટલે કે જુન ૨૦૧૧ થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષથી કરવાનો રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી -

**(એસ.બી. ગરાસિયા)**

**નાયબ સચિવ (પ્રાથમિક શિક્ષણ)**

શિક્ષણ વિભાગ

ગુજરાત સરકાર.

**પ્રતિ,**

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (પ્રાથમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામવિભાગો, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ. નિયામકશ્રી
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, પ્રાથમિક શિક્ષણ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી શિક્ષણાધિકારીશ્રીઓ મારફત
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત.
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા.ગાંધીનગર
- માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફથી રાજ્યના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિદ્ધિ અર્થે.

# પ્રાથમિક શાળાઓમાં બાળકોને શારીરિક શિક્ષા અથવા માનસિક ત્રાસ આપવા ઉપર પ્રતિબંધ

**ગુજરાત સરકાર**
**શિક્ષણ વિભાગ**
ઠરાવ ક્રમાંક : પીઆરઈ-૧૧૨૦૧૧-૧૪૯-ક,
સચિવાલય, ગાંધીનગર.
**તા. ૧૮/૦૨/૨૦૧૧**

વંચાણે લીધા :-

(૧) "ધી રાઈટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯"
કલમ-૧૭(૧), ૧૭(૨) અને કલમ-૩૮

(૨) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : GH/SH/6
NO: પીઆરઈ/૧૨૦૧૦/૫/કે તા. ૧/૪/૨૦૧૦

**પ્રસ્તાવના :**

ભારત સરકાર દ્વારા ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકો મફત અને ફરજીયાત શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે સંસદમાં "ધી રાઈટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯" પસાર કરીને તમામ બાળકોને મૂળભૂત બંધારણીય અધિકાર આપેલ છે. આ કાયદાની કલમ-૧૭ માં નીચે પ્રમાણે જોગવાઈ છે.

(૧) કોઈપણ બાળકને શારીરિક શિક્ષા અથવા માનસિક કનડગત કે માનસિક ત્રાસ આપી શકશે નહિ.

(૨) પેટા કલમ(૧) ની જોગવાઈઓનો જે કોઈ ભંગ કરશે તેવી વ્યક્તિ સામે આવી વ્યક્તિને લાગુ પડતા સેવા નિયમો હેઠળ શિસ્ત વિષયક પગલાં લઈ શકાશે.

આ કલમની જોગવાઈઓનો અમલ કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. સરકાર દ્વારા પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :**

ભારત સરકાર દ્વારા આમુખ (૧) માં દર્શાવવામાં આવેલ "The Right of Children to free and Compulsory Education Act 2009" ની કલમ૧૭(૧), ૧૭(૨) અને કલમ-૩૮ ની જોગવાઈ મુજબ

(૧) રાજ્યમાં આવેલી તમામ એટલે કે સરકારી શાળા, જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળા/અનુદાનિત અને બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળા, સી.બી.એસ.સી. કે આઈ.સી.એસ.આઈ. અથવા અન્ય કોઈપણ બોર્ડ સાથે સંકળાયેલ કોઈપણ માધ્યમ(ગુજરાતી, હિન્દી,

અંગ્રેજી વગેરે) ની શાળાઓના કોઈપણ બાળકને શાળાના શિક્ષકો અથવા આચાર્યશ્રી (સંચાલક) દ્વારા કોઈપણ કારણસર શારીરિક શિક્ષા કે માનસિક ત્રાસ આપવા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવે છે. જેનો તમામ સંબંધિતોએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. જો કોઈપણ વ્યક્તિ દ્વારા આ જોગવાઈઓનું ઉલ્લંઘન થતું માલૂમ પડશે અથવા તે અંગે કોઈ રજૂઆત કે ફરીયાદ મળશે અને તેમાં તથ્ય જણાશે તો તેવી વ્યક્તિ સામે તેને લાગુ પતા શિસ્ત વિષય નિયમોનુસાર શિસ્તભંગના પગલાં લેવામાં આવશે.

(૨) આ ઠરાવનો અમલ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨ એટલે કે જુન ૨૦૧૧ થી શરૂ થતાં નવા શૈક્ષણિક વર્ષથી કરવાનો રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી -

**(એસ.બી. ગરાસિયા)**

**નાયબ સચિવ (પ્રાથમિક શિક્ષણ)**

શિક્ષણ વિભાગ

ગુજરાત સરકાર.

**પ્રતિ,**

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (પ્રાથમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ. નિયામકશ્રી
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, પ્રાથમિક શિક્ષણ

# પ્રાથમિક શિક્ષકોને ખાનગી ટ્યુશન કરવા ઉપર પ્રતિબંધ મૂકવા અંગે

**ગુજરાત સરકાર**
**શિક્ષણ વિભાગ**
ઠરાવ ક્રમાંક : પીઆરઈ-૧૧૨૦૧૧-૧૪૯-ક,
સચિવાલય, ગાંધીનગર.
**તા. ૧૮/૦૨/૨૦૧૧**

**વંચાણે લીધા :-**

(૧) "ધી રાઈટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯" કલમ-૨૮ અને કલમ-૩૮

(૨) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : GH/SH/6
NO: પીઆરઈ/૧૨૦૧૦/૫/કે તા. ૧/૪/૨૦૧૦

**પ્રસ્તાવના :**

ભારત સરકાર દ્વારા ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકો મફત અને ફરજીયાત શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે સંસદમાં "ધી રાઈટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯" પસાર કરીને તમામ બાળકોને મૂળભૂત બંધારણીય અધિકાર આપેલ છે. આ કાયદાની કલમ-૨૮ માં નીચે પ્રમાણે જોગવાઈ છે.

"કોઈપણ શિક્ષક ખાનગી ટ્યુશન અથવા ખાનગી શિક્ષણની પ્રવૃત્તિ કરી શકશે નહિ."

આ કલમની જોગવાઈઓનો અમલ કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. સરકાર દ્વારા પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :-**

ભારત સરકાર દ્વારા આમુખ(૧) માં દર્શાવવામાં આવેલ "The Right of Children to free and Complusory Education Act 2009" ની કલમ-૨૮ ની જોગવાઈ મુજબ કોઈપણ શિક્ષક ખાનગી ટ્યૂશન અથવા ખાનગી શિક્ષણની પ્રવૃત્તિ કરવા ઉપર પ્રતિબંધ મૂકેલ છે. એટલે કે તમામ પ્રાથમિક શાળાના શિક્ષકો/આચાર્યો કોઈપણ પ્રકારનું ખાનગી ટ્યૂશન કે તેને લગતી કોઈપણ પ્રવૃત્તિ નાણાં લઈને અથવા નાણાં લીધા સિવાય પણ કરી શકશે નહિ.

જે શિક્ષકો/આચાર્યો આ જોગવાઈનું ઉલ્લંઘન કરતા માલૂમપડશે અથવા તે અંગે કોઈ રજૂઆત કે ફરીયાદ પ્રાપ્ત થશે અને તેમાં તથ્ય જણાશે તો તેમની સામે તેમને લાગુ પડતા શિસ્ત અને સેવાના નિયમોનુસાર શિસ્તભંગના પગલાં લેવામાં આવશે.

આ ઠરાવ તમામ શાળાઓ એટલે કે સરકારી શાળા, જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત, નગર શિક્ષણ સમિતિ સંચાલિત, અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળા, બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળા, સી.બી.એસ.સી. કે આઈ.સી.એસ.આઈ. અથવા અન્ય કોઈ પણ બોર્ડ સાથે સંકળાયેલ કોઈપણ માધ્યમની તમામ પ્રાથમિક શાળાઓને લાગુ પડશે. અને તેનો અમલ તમામ શિક્ષકો/આચાર્યો અને સંચાલકે કરવાનો રહેશે.

આ ઠરાવનો અમલ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨ થી એટલે કે જુન ૨૦૧૧ થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષથી કરવાનો રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી -

**(એસ.બી. ગરાસિયા)**

**નાયબ સચિવ (પ્રાથમિક શિક્ષણ)**

શિક્ષણ વિભાગ

ગુજરાત સરકાર.

**પ્રતિ,**

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (પ્રાથમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામવિભાગો, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ. નિયામકશ્રી
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, પ્રાથમિક શિક્ષણ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી શિક્ષણાધિકારીશ્રીઓ મારફત
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત.
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા.ગાંધીનગર
- માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફથી રાજ્યના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિદ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામઅધિકારીશ્રીઓ.
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (ઓન લાઈન મુકવા સારું)

## બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ ની જોગવાઈઓ મુજબ શાળા કક્ષાએ શાળા વ્યવસ્થાપન સમિતિ (School Management Committee) ની રચના કરવા બાબત.

**ગુજરાત સરકાર,**
**શિક્ષણ વિભાગ,**
ઠરાવ ક્રમાંક : પીઆરઈ-૧૨૯૫-૨૪૨૫-ક,
સચિવાલય, ગાંધીનગર.
**તા. ૨૨/૦૩/૨૦૧૧**

**વંચાણે લીધા :-**

(૧) શિક્ષણ વિભાગનો તા. ૧૯-૧૦-૧૯૯૬ નો ઠરાવ ક્રમાંક : પીઆરઈ-૧૨૯૫-૧૪૧૯(૯૯)-ક

(૨) શિક્ષણ વિભાગનો તા. ૨૦-૯-૧૯૯૯ નો ઠરાવ ક્રમાંક : પીઆરઈ-૧૨૯૫-૧૪૧૯(૯૯)-ક

(૩) શિક્ષણ વિભાગનો તા. ૨૨-૮-૨૦૦૦ નો ઠરાવ ક્રમાંક : પીઆરઈ-૧૨૯૫-૧૪૧૯(૯૯)-ક

(૪) શિક્ષણ વિભાગનો તા. ૪-૬-૨૦૦૩ નો ઠરાવ ક્રમાંક : પીઆરઈ-૧૨૯૫-૧૪૧૯(૯૯)-ક

(૫) શિક્ષણ વિભાગનો તા. ૩૧-૧-૨૦૦૪ નો ઠરાવ ક્રમાંક : પીઆરઈ-૧૨૯૫-૧૪૧૯(૯૯)-ક

(૬) ગુજરાત કાઉન્સિલ ઓફ પ્રાયમરી એજ્યુકેશન સ્ટેટ પ્રોજેક્ટ કચેરીના તા. ૪-૭-૨૦૦૭ ના પરિપત્ર ક્રમાંક : એસએસએએમ/ટીટી/સમિતિરચના/૨૦૦૭/૨૦૩૭૯-૪૧૭

(૭) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન મિશન, ગાંધીનગર તા. ૧-૯-૨૦૧૦ ના પત્ર ક્રમાંક : એસએસએ/આરટીઈ/(એસએમસી)/૧૦/૩૩૩૯૬.

**આમુખ :**

ભારત સરકારના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર, અધિનિયમ-૨૦૦૯ તા. ૧-૪-૨૦૧૦થી અમલમાં આવતા સદરહુ અધિનિયમની કલમ-૨૧ મુજબ પાયાના સ્તરે પોતાના ખર્ચને પહોંચી વળવા રાજ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્ર તરફથી કોઈપણ પ્રકારની સહાય કે ગ્રાન્ટ ન મેળવતી બિન-અનુદાનિત (નોન ગ્રાન્ટેડ) શાળાઓ સિવાયની શાળાઓમાં સ્થાનિક સત્તાતંત્રમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને શાળામાં દાખલ થયેલા બાળકોના માતા-પિતા કે વાલી અને શિક્ષકોની બનેલી શાળા વ્યવસ્થાપન સમિતિ (એસ.એમ.સી.) ની રચના કરવાનું અભિપ્રેત છે. વર્તમાન સ્થિતિએ સર્વ શિક્ષા અભિયાન મિશનના અસરકારક અમલીકરણ માટે તેમજ યોજનાના લાભ પાયાના સ્તરે ગામ સુધી પહોંચે એ માટે આમુખ (૧) થી ૪ માં જણાવેલ ઠરાવોથી ગ્રામશિક્ષણ સમિતિઓ અને સ્થાનિક લોકાભાગીદારીના માધ્યમથી શાળા મકાનોના નિર્માણ, નિભાવ અને દુરસ્તીના કામો હાથ ધરવા માટે ગ્રામ / વોર્ડ બાંધકામ સમિતિઓ હાલ અસ્તિત્વમાં છે. તેને નાબુદ કરીને હવે આરટીઈ એક્ટ, ૨૦૦૯ ની કલમ-૨૧ અને આરટીઈ એક્ટ નીચે ભારત સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલ નમૂનારૂપ નિયમોના મુસદ્દા (Draft Model Rules) ના નિયમ-૧૩ ની જોગવાઈઓને અનુલક્ષીને નીચેના માળખા મુજબ શાળા કક્ષાએ શાળા વ્યવસ્થાપન સમિતિઓની રચના દર્શાવેલ માળખા મુજબ કરવાની રહે છે. સૂચિત શાળા વ્યવસ્થાપન સમિતિમાં ઓછામાં ઓછા ૭૫ ટકા સભ્યોમાં બાળકોના માતા-પિતા કે વાલીનો સમાવેશ કરવા (જેમાં વંચિત જુથ અને નબળા વિભાગના બાળકોના માતા-પિતા કે વાલીઓને પણ પ્રમાણસર પ્રતિનિધિત્વ આપવાનું રહે છે.) તથા સમિતિના ૫૦

ટકા મહિલા સભ્યો રાખવાની અધિનિયમની જોગવાઈઓને અનુલક્ષીને શાળા વ્યવસ્થાપન સમિતિની રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી આ બાબતે સરકારશ્રીએ પુખ્ત વિચારણા કરી સમિતિનું માળખું (Composition) નીચે મુજબનું કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :-**

**૧. શાળા વ્યવસ્થાપન સમિચિની રચના માટેનું માળખું :-**

(૧) આર.ટી.ઈ. એક્ટ, ૨૦૦૯ ની કલમ-૨ ની પેટા કલમ(થ) ના ફકરા (૪) માં નિર્દિષ્ટ બીન-અનુદાનિત (Non-Granted) શાળા સિવાયની દરેક શાળાના અધિકાર ક્ષેત્રમાં શાળા વ્યવસ્થાપન સમિતિની રચના કરવાની રહેશે અને દર બે વર્ષે તેની પુનઃ રચના કરવાની રહેશે.

(૨) શાળા વ્યવસ્થાપન સમિતિ કુલ બાર (૧૨) સભ્યોની બનશે, જેમાં ૭૫ ટકા (૯) સભ્યો શાળામાં અભ્યાસ કરતા બાળકોના માતા-પિતા કે વાલીઓમાંથી હશે, જેમાં વંચિત જૂથ અને નબળા વિભાગના બાળકોના માતા-પિતા કે વાલીઓને પણ પ્રમાણસર પ્રતિનિધિત્વ આપવાનું રહેશે.

(૩) બાકી રહેલ ૨૫ ટકા સભ્ય સંખ્યામાં નીચેની વ્યક્તિઓનો સમાવેશ કરવાનો રહેશે.

ક. એક સભ્ય સ્થાનિક સત્તાતંત્ર (ગ્રામપંચાયત, નગર શિક્ષણ સમિતિ) નક્કી કરે તેવા સ્થાનિક સત્તાતંત્રના ચૂંટાયેલા સભ્ય

ખ. એક સભ્ય શાળાના શિક્ષકોમાંથી શિક્ષકો નક્કી કરે તે શિક્ષક.

ગ. એક સભ્ય સ્થાનિક શિક્ષણવિદો / શાળાના બાળકોમાંથી સમિતિમાં સમાવિષ્ટ માતા-પિતા નક્કી કરે તે.

ઘ. સ્થાનિક કડિયો (ગામમાં કડિયો ન હોય તો બાજુના ગામનો કડિયો) (આ સભ્યની નિયુક્તિ શાળા વ્યવસ્થાપન સમિતિના અધ્યક્ષશ્રીએ કરવાની રહેશે.)

(૪) શાળા વ્યવસ્થાપન સમિતિ પોતાના રોજીંદા વહીવટ ચલાવવા માટે સમિતિમાં માતા-પિતા તરીકે સમાવિષ્ટ સભ્યોમાંથી અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની પસંદગી કરશે. શાળાના આચાર્ય અથવા જ્યાં શાળામાં આચાર્ય ન હોય ત્યાં, શાળાના શ્રેયાન શિક્ષક, હોદ્દાની રૂએ (ex-officio) શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્ય સચિવ બનશે.

(૫) શાળા વ્યવસ્થાપન સમિતિની મીટીંગ દરેક મહિનામાં ઓછામાં ઓછી એક વખત બોલાવવાની રહેશે. મીટીંગોની નોંધ (Minutes) અને કરવામાં આવેલ નિર્ણયો અંગેની નોંધો વ્યવસ્થિત રીતે કરવાની / જાળવવાની રહેશે અને લોકોના જાણ અર્થે મૂકવાની રહેશે.

(૬) શાળા વ્યવસ્થાપન સમિતિએ આરટીઈ એક્ટની કલમ૨૧ ની પેટા કલમ(૨) ના ફકરા (ક) થી (ઘ) માં દર્શાવેલ ફરજો ઉપરાંત, નીચે નિર્દિષ્ટ કરેલ ફરજો બજાવવાની રહેશે, જે માટે સમિતિ પોતાના સભ્યોમાંથી નાના કાર્યજુથોની રચના કરી શકાશે.

**૨. શાળા વ્યવસ્થાપન સમિતિના કર્તવ્યો અને ફરજો :-**

(૧) શાળાની કામગીરી ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખશે.

(૨) શાળા વિકાસ યોજના તૈયાર કરી તેની ભલામણ કરશે.

(૩) રાજ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્ર અથવા બીજા કોઈ સ્ત્રોતમાંથી મળેલ ગ્રાન્ટના ઉપયોગ / વપરાશ ઉપર દેખરેખ નિયંત્રણ રાખશે.

(૪) શાળાની પડોશ (નજીક)ના વિસ્તારની જનતાને સરળ અને રચનાત્મક શૈલીથી આરટીઈ એક્ટ, ૨૦૦૯ અન્વયે

બાળકોને પ્રાપ્ત થયેલ અધિકારો અંગે સમજણ આપશે તથા રાજ્ય સરકાર, સ્થાનિક સત્તાતંત્ર, શાળા, માતા-પિતા અને વાલીઓની ફરજો અંગેની સમજણ આપશે.

(૫) આરટીઈ એક્ટ, ૨૦૦૯ ની કલમ ૨૪ ની પેટા કલમ(ક) અને (ગ) અને કલમ-૨૮ ની અમલવારી સુનિશ્ચિત કરશે.

(૬) આરટીઈ એક્ટ, ૨૦૦૯ ની કલમ-૨૭ માં નિર્દિષ્ટ ફરજો સિવાયની અન્ય બીન શૈક્ષણિક ફરજો શિક્ષકોને સોંપવામાં આવે નહિ તે માટે દેખરેખ-નિયંત્રણ રાખશે.

(૭) શાળાની નજીકના વિસ્તારના તમામ બાળકોના નામાંકનો અને નિયમિત હાજરી સુનિશ્ચિત કરશે.

(૮) બાળકો માટે મફત અને ફરજીયાત શિક્ષણ અધિનિયમ-૨૦૦૯ ની અનુસૂચિમાં નિર્દિષ્ટ શાળા માટેના ધોરણો અને માપદંડ જળવાય તે માટે દેખરેખ-નિયંત્રણ.

(૯) બાળકોના શિક્ષણના અધિકારોના ઉલ્લંઘન ખાસ કરીને બાળકને શારીરિક શિક્ષા અને માનસિક કનડગત, પ્રવેશ નિષેધ કરવો અને આરટીઈ એક્ટ, ૨૦૦૯ ની કલમ-૩(૨) માં નિર્દિષ્ટ મળવાપાત્ર નાણાકીય સહાય સમયસર ન ચૂકવવા જેવી બાબતો સ્થાનિક સત્તાતંત્રના ધ્યાને લાવવી.

(૧૦) આરટીઈ એક્ટ, ૨૦૦૯ ની કલમ ૪ ની જોગવાઈઓના અમલીકરણ માટે પ્રવેશ વંચિત રહેલ અથવા જેમણે પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરેલી ન હોય તેવા બાળકો માટેની જરૂરિયાતો નક્કી (Identify) કરવા યોજના તૈયાર કરવી.

(૧૧) વિકલાંગ બાળકોની ઓળખ અને તેમના નામાંકન તથા ભણવા માટેની સવલતો બાબત દેખરેખ-નિયંત્રણ રાખવું અને તેઓ પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરે તે માટે તેમની ભાગીદારી સુનિશ્ચિત કરવી.

(૧૨) શાળામાં બાળકો માટેની મધ્યાહન ભોજન યોજનાની અમલવારી ઉપર દેખરેખ-નિયંત્રણ.

(૧૩) શાળાના આવક અને ખર્ચના વાર્ષિક હિસાબો તૈયાર કરવા.

(૧૪) અધિનિયમ અંતર્ગત પોતાના કર્તવ્યો અને ફરજો બજાવવા માટે શાળા વ્યવસ્થાપન સમિતિને મળનાર નાણાં માટે અલાયદા હિસાબો જાળવવાના રહેશે. અને દરેક વર્ષે તે ઓડિટ માટે બતાવવાના રહેશે.

(૧૫) ઉપર ક્રમ(૧૩) અને (૧૪)માં નિર્દિષ્ટ કરેલ હિસાબો શાળા વ્યવસ્થાપન સમિતિના અધ્યક્ષ/ઉપાધ્યક્ષ અને સભ્ય સચિવે સહી કરીને તે તૈયાર કર્યાના એક માસમાં સ્થાનિક સત્તાતંત્રને રજૂ કરવાના રહેશે.

(૧૬) લોક ભાગીદારીથી શાળાના મકાનોના નિર્માણ, નિભાવ અને દુરસ્તીના કામો હાથ ધરવા અને તેના નિરીક્ષણ/દેખરેખ રાખવી.

(૧૭) શાળા વિકાસ/સુધારણા કાર્યક્રમમાં મળતા નાણાંકીય ભંડોળનો યોગ્ય ઉપયોગ થાય, માલસામાન ખરીદી સ્પર્ધાત્મક ભાવો મંગાવીને સૌથી ઓછા ભાવ ધરાવતા વેપારી પાસેથી ગુણવત્તાયુક્ત અને કરકસરભરી રીતે શાળાની જરૂરીયાત મુજબ અને યોજનાની માર્ગદર્શિકા મુજબ, શાળાના હેતુ માટે જ થાય તે જોવાનું રહેશે.

(૧૮) રાજ્ય સરકાર અથવા નિયામક (પ્રા.શિ.) અથવા રાજ્ય પ્રોજેક્ટ નિયામક (સર્વ શિક્ષા અભિયાન) અથવા જીલ્લા/નગર શિક્ષણ સમિતિ દ્વારા નિયત કરવામાં આવે તેવા બીજા કાર્યો કરશે.

(૧૯) મધ્યાહ્ન ભોજનના પ્રભાવી નિયંત્રણ માટે મધ્યાહ્ન ભોજનના સંચાલક, રસોઈયા અને મદદનીશની નિમણુંક કરવાની તથા તેઓને હટાવવાની સત્તા રહેશે.

**૩. શાળા વ્યવસ્થાપન સમિતિએ મધ્યાહ્ન ભોજનના સંચાલક, રસોઈઆ અને મદદનીશની નિમણૂંક કરવાની થાય છે. જો શાળા વ્યવસ્થાપન સમિતિ સમયસર નિમણૂંક ના કરે તેવા કિસ્સામાં નિમણૂંક અને ગેરરીતિ થતાં સમિતિ તેઓને દૂર ના કરતી હોય ત્યારે તેઓને હટાવવાની સત્તા તાલુકા મામલતદારશ્રી અથવા રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવા સત્તાધિકારીને સોંપવામાં આવે છે.**

**૪. શાળા વ્યવસ્થાપન સમિતિના ૭૫ ટકા સભ્યો વાલીઓ અને ૫૦ ટકા સભ્યો મહિલાઓ હોઈ અને આ સમિતિને દરેક ગ્રાન્ટના વપરાશ ઉપર દેખરેખ રાખવાની હોઈ પ્રવર્તમાન ગ્રામ શિક્ષણ સમિતિ (VEC) ગ્રામ બાંધકામ સમિતિ (VCWC) વાલી શિક્ષક મંડળ (PTA) અને માતૃ શિક્ષક મંડળ (MTA) સમિતિઓની જરૂર ન હોઈ, તે રદ કરવામાં આવે છે.**

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા. ૧-૩-૨૦૧૧ ની નોંધથી મળેલ સંમતિથી રવાના કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી-

**(એસ.બી. ગરાસિયા)**

**નાયબ સચિવ (પ્રાથમિક શિક્ષણ)**

શિક્ષણ વિભાગ

ગુજરાત સરકાર.

**પ્રતિ,**

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (પ્રાથમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામવિભાગો, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ. નિયામકશ્રી
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, પ્રાથમિક શિક્ષણ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી શિક્ષણાધિકારીશ્રીઓ મારફત
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત.
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર

# પ્રાથમિક શિક્ષકો માટેની યોગ્યતા કસોટી

**ગુજરાત સરકાર**

**શિક્ષણ વિભાગ**

ઠરાવ ક્રમાંક : પી આરઈ-૧૧૧૧-૭૧૧-ક

સચિવાલય, ગાંધીનગર.

તા. ૨૭-૪-૨૦૧૧

**વંચાણમાં લીધાઃ**

(૧) The Right of Children to Free and Compulsary Education Act, 2009

(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ પીઆરઆઈ-૧૧૧૦-૨૨૩-ક, તા. ૧૫-૪-૨૦૧૦

(૩) NCTE, New Delhi, ના તા. ૩૧-૮-૨૦૧૦ના પત્ર ક્રમાંક/ડી.ઓ.નં. ૬૧-૩/૨૦૧૦/એન.સી.ટી.ઈ(એન એન્ડ એસ)એ-૨૩૨૨૪.

(૪) રાષ્ટ્રીય શિક્ષક પ્રશિક્ષણ પરિષદ (National Council for Teacher Education), નવી દિલ્હીના પત્રક્રમાંકઃ 76-4 / 2010 / NCTE / Acad. A 31224, Dated 14th February, 2011

**ઠરાવઃ**

પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકોની નિમણૂંક અંગે આમુખ-૨ માં દર્શાવેલ ઠરાવથી નિતિનિયમો અને માપદંડો અમલમાં છે. શિક્ષક યોગ્યતા (Teacher Eligibility) અને શિક્ષક પસંદગીનાં રાષ્ટ્રીય ધોરણો અને માપદંડો Sub-section (1) of Section - 23 of RTE Act, 2009 અને RTE Act Clause (n) of Section - 2 માં દર્શાવ્યા મુજબ સ્વીકારવામાં આવતાં હવે રાજ્ય સરકારને પ્રાથમિક શિક્ષકોની ભરતી માટે 'શિક્ષક યોગ્યતા કસોટી' (Teacher Eligibility Test : TET) લેવાનું સર્વસ્વીકૃત બને છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**જાહેરનામું**

**ગુજરાત સરકાર**

મહિલા અને બાળવિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

તા. ૭-૪-૨૦૧૧

નં.ગુ.રા. (૩)૨૦૧૧/મહય/૧૦૨૦૧૦/૨૧૯૫/અ,

કમિશ્નર ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ ઍક્ટ ૨૦૦૫ (૨૦૦૬નો ૪થો)ની કલમ૧૭ મુજબ રાજ્ય કક્ષાએ કમિશ્નર ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સની કામગીરી ગુજરાત રાજ્ય મહિલા આયોગ, ગાંધીનગરને સોંપવામાં આવે છે.

તદ્ઉપરાંત મહિલા આયોગે રાઈટ ટુ એજ્યુકેશન ઍક્ટ-૨૦૦૯ની કલમ ૩૧ના અમલીકરણની પણ કામગીરી કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી-

**(દર્પણા ધીમ્મર)**

**નાયબ સચિવ**

મહિલા અને બાળવિકાસ વિભાગ

**પ્રતિ,**

-મહામહિમ રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગુજરાત, ગાંધીનગર.

-જનરલ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.

-સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

-સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.

**NOTIFICATION**
**Education Department**
Sachivalaya, Gandhinagar.
Date : Dated the 14th July, 2011

No.: GH/SH/31/2011/JSB/1210/1186/N

Right of Children to Free and Compulsory Education Act, 2009

In exercise of the powers conferred by sub-section (1) of section 29 of the Right to Children to Free and Compulsory Education Act, 2009, (35 of 2009), the Government of Gujarat hereby specifies the Gujarat Council of Educational Research and Training as an academic authority for the purposes of the said act.

By order and in the name of the Governor of Gujarat.

(S.B. Garasia)
Deputy Secretary to
Gevernment Education Department

Copy forwarded with compliments to:

1. The Secretary to the Honourable Governor.
2. The Secretary to the Chief Minister.
3. The Personal Secretary to the Minister for Education.
4. The Personal Secretary to the Minister of State for Primary Education.
5. The Personal Secretary to the Minister of State for Higher Education.
6. The Personal Secretary to the Chief Minister's Parliamentary Secretary (Education).
7. The Secretary, Ministry of Human Resources Development, Department of Education, New Delhi-110001.
8. The commissioner for Higher Education, Gujarat State, Gandhinagar.
9. The Commissioner for Mid Day Meal Scheme and Schools, Gujarat State, Gandhinagar.
10. The Director, Gujarat Council of Educational Research and Training Gujarat State, Gandhinagar.
11. The Director of Primary Education, Gujarat State, Gandhinagar.
12. The State Project Director, Sarva Shiksha Abhiyan Mission, Gujarat State, Gandhinagar.
13. The Manager, Government Central Press, Gandhinagar, with a request to print this notification in the Gujarat government Gazette and to send 100 copies this department.
14. All Branches of Education Department.
15. The Select File.

REGISTERED No. G/GNR/2
The Gujarat Government Gazette
EXTRAORDINARY
PUBLISHED BY AUTHORITY
Date: 25-3-2010
CAITRA, 4, 1931

PART IVE

Acts of Gujarat Legislature and Ordinances promulgated and Regulations made by the Governor.

The following Act of the Gujarat legislature, having been assented to by the Governor on the 22nd March, 2010 is hereby published for general information.

AN ACT

further to amend the Bombay Primary Education Act, 1947 and the Gujarat Secondary and Higher Secondary Education Act, 1972 and to repeal the Gujarat Comlpulsory Primary Education Act, 1961 so as to facilitate to implement the provisions of the right of Children to Free and Compulsory Education Act, 2009.

It is hereby enacted in the Sixty-first Year of the Republic of India as follows:

1. (1) This Act may be called the Gujarat Educational Laws (Amendment) Act, 2010.

   (2) This section shall come into force at once and the remaining provisions shall come into force on such date as the State Government may, by notification in the Official Gazette, appoint.

2. In the Bombay Primary Education Act, 1947 (hereinafter referred to as "the principal Act"), in section 2.

   (i) after clause (7) , the following clause shall be inserted, namely;

   "(7A)" "Committee" means the State Staff Selection Committee constituted under section 23"

   (ii) after clause (10A), the following clause shall be inserted, namely:

   "(10B)" "Lower Primary Education" means education from first standard to fifth standard"

   **(iii) for clause (15), the following clause shall be substituted, namely:**

   **"(15)" "Primary Education" means elementary education from first class to eight class as defined in clause (f) of section 2 of the Right of Children to Free and Compulsory Education Act, 2009";**

(iv) after clause (20), the following clause shall be inserted, namely:

"(20A)" Upper Primary Education" means education from sixth standard to eight standard;"

3. In the principal Act, for section 23, the following section shall be substituted, namely:

23. (1) There shall be a State Level Staff Selection Committee constituted by the State Government for all District Education Committees and authorized municipalities, consisting of such number of members as may be determined by the State Government.

(2) The Director of Primary Education shall be the Chairman and the Deputy Director of Primary Education shall be the Secretary of the Committee.

(3) The Committee shall select candidates for appointments as Assistant Education Inspectors, Supervisors, Vidhya Sahayaks and Primary Teachers. The Selection of candidates shall be made in accordance with the instructions issued by the State Government.

# મારું પૂરું નામ શું છે ?

| | | | |
|---|---|---|---|
| ADEPTS | એડવાન્સમેન્ટ ઓફ એજ્યુકેશનલ પર્ફોમન્સ થ્રુ ટીચર સપોર્ટ | GCERT | ગુજરાત કાઉન્સીલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનીંગ |
| AO | એકાઉન્ટસ ઓફિસર | GIAC | ગ્રાન્ટ ઈન એઈડ કમીટી |
| AS | અલ્ટરનેટીવ સ્કૂલિંગ | GOG | ગવર્મેન્ટ ઓફ ગુજરાત |
| AWP&B | એન્યુઅલ વર્ક પ્લાન એન્ડ બજેટ | GOI | ગવર્મેટ ઓફ ઈન્ડિયા |
| BaLA | બિલ્ડીંગ એઝ લર્નિંગ એડ | HM | હેડ માસ્ટર |
| BRC | બ્લોક રિસોર્સ સેન્ટર | IED | ઈન્ટીગ્રેટડ એજ્યુકેશન ફોર ડિસેબલ |
| BRCCo | બ્લોક રિસોર્સ સેન્ટર કો.ઓર્ડીનેટર | KGBV | કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય |
| BRG | બ્લોક રિસોર્સ ગ્રુપ | MIS | મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ |
| BRP | બ્લોક રિસોર્સ પર્સન | MOU | મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડિંગ |
| CRC | કલસ્ટર રિસોર્સ સેન્ટર | NPEGEL | નેશનલ પ્રોગ્રામઓફ એજ્યુકેશન ફોર ગર્લ્સ એટ એલીમેન્ટ્રી લેવલ |
| CRCCo | કલસ્ટર રિસોર્સ સેન્ટર કો. ઓર્ડીનેટર | OIC | ઓફિસર ઈનચાર્જ |
| CRG | કલસ્ટર રિસોર્સ ગ્રુપ | RTE | રાઈટ ટુ એજ્યુકેશન |
| CWSN | ચિલ્ડ્રન વિથ સ્પેશિયલ નીડ્સ | SIP | સ્કૂલ ઈમ્પ્રુવમેન્ટ પ્લાન |
| DDO | ડીસ્ટ્રીક્ટ ડેવલોપમેન્ટ ઓફિસર | SPD | સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર |
| DIET | ડીસ્ટ્રીક્ટ ઈન્સ્ટીટ્યુટ ઓફ એજ્યુકેશન એન્ડ ટ્રેનીંગ | SPO | સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસ |
| | | SSA | સર્વ શિક્ષા અભિયાન |
| DPC | ડીસ્ટ્રીક્ટ પ્રોજેક્ટ કો ઓર્ડીનેટર | STP | સ્પેશિયલ ટ્રેનીંગ પ્રોગ્રામ |
| DPE | ડીસ્ટ્રીક્ટ પ્રોજેક્ટ એન્જીનીયર | TLE | ટીચિંગ લર્નિંગ ઇક્વિપમેન્ટ |
| DPEO | ડીસ્ટ્રીક્ટ પ્રાયમરી એજ્યુકેશન ઓફિસર | TLM | ટીચિંગ લર્નિંગ મટીરીયલ |
| DPEP | ડીસ્ટ્રીક્ટ પ્રાયમરી એજ્યુકેશન પ્રોગ્રામ | TRP | ટેક્નિકલ રિસોર્સ પર્સન |
| EC | એક્ઝીક્યુટિવ કમીટી | TT | ટીચર્સ ટ્રેનીંગ |
| ECCE | અર્લી ચાઈલ્ડહુડ કેર એન્ડ એજ્યુકેશન | UP | અપર પ્રાયમરી |

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

## ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ

### સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર

